આનંદ સાગર

અને

વેદાંતસાર સંગ્રહ

પટેલ પરભુદાસ જેસંગદાસ

क्रमांक ૨૨૦[illegible] किमत ૧.૫૦

આનંદસાગર અને
વિદ્યાસાગર

/૧૨૬/

ૐ

આનંદ સાગર

અને

વેદાંતસાર સંગ્રહ

વેદાંતસાર સંગ્રહ કરનાર

પટેલ પરભુદાસ જેસંગદાસ,

રાંધેજા (તા. કલોલ)

પ્રકાશક

મહંતશ્રી લાલદાસજી ગુરૂ જોરદાસજી,

રામજીનું નવું મંદિર-રાંધેજા.

સં. ૧૯૯૬] આ. ૧ લી : પ્રત ૧૦૦૦ [સને ૧૯૪૦

કિં. રૂા. ૧-૪-૦

ગુજરાત વિધાપીઠ ગ્રંથાલય
ગુજરાતી [illegible]પીરાઈટ-સંગ્રહ
૨૨૦૯૮

પુસ્તકો મળવાનાં સ્થળો

પટેલ પરભુદાસ જેસંગદાસ,
મુ. **રાંધેજા** (તા. કલોલ)

મહંતશ્રી લાલદાસજી ગુરૂ જોરદાસજી
ઠે. રામજીનું નવું મંદિર—**રાંધેજા**

પટેલ પુરૂષોત્તમદાસ મોતીદાસ (રાંધેજાવાળા)
ઠે. શાહપુર, ગોઝારીઆની પોળ, **અમદાવાદ.**

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.

સમર્પણ

ॐ नमः शिवाय

ॐ नमः शिवाय ॐ नमः शिवाय

पश्यमे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः
नानाविधानि दिव्यानि नानावर्णाकृतानिच ॥ अ.११-५

શ્રી કૃષ્ણુભગવાને અર્જુનને અનેક પ્રકારનાં રૂપો
બતાવ્યાં છે, તે ઉપરથી સમજવાનું કે પરમાત્મા
પોતે એક છે તે અનેક રૂપે થયા છે, મત-
લબ કે પુરૂષ માત્ર શિવ સ્વરૂપ છે, અને
સ્ત્રી માત્ર શક્તિસ્વરૂપ છે. એટલે તમામ
જગત્ પ્રભુરૂપ છે સ્થાવર હોય કે જંગમ
પણુ તેથી બહાર કાંઈ નથી.
એમ સમજી આ પુસ્તક
હું શ્રી શંકર
ભગવાનને
અર્પણુ કરૂં
છું ॥

શ્રી જાગેશ્વર મહાદેવ સંબંધી ટુંક હકીકત

રાંધેજા ગામની પૂર્વ દિશાએ મહાદેવનું પ્રાચીન સ્થળ છે. તે ઘણું પુરાતની અને પ્રસિદ્ધ છે. તેનો વહીવટ કેટલાક વર્ષથી પટેલ જેશંગદાસ નાગરદાસ કરતા હતા. કારણકે તેઓશ્રી શિવભક્ત હતા. તેમના મરણ પછી તેમના દીકરા નારાયણભાઈ પટેલે વહીવટ કર્યો, અને તેમનો કૈલાસવાસ થતાં, પટેલ વેણાભાઈ પુરૂષોત્તમદાસે વહીવટ હાથમાં લીધો, દરેક વહીવટ કરનાર, મહાદેવને જે જે રકમ મળતી તેનો સંગ્રહ કરી રાખતા.

આ દેવાલય પ્રાચીન હોવાથી બહુ જીર્ણ અને શિખરમાંથી ટુટેલું તથા અંદર બાણ પણ ખંડિત થઈ કકડા થઈ જવાના કારણે અંદર કોઇ પૂજા કરવા જતું નહીં. આથી શંકર ભગવાનની પ્રેરણાથી પટેલ વેણાભાઈ પુરૂષોત્તમદાસ અને ગામના બીજા આગેવાનોને ઇચ્છા થઈ કે હવે આ દેવળ નવું કરાવી બીજું બાણ પધરાવીએ તો સારૂં ? સવાલ એ આવ્યો કે આ કામ કરે કોણ ? બધા એકમત થઈ રામજી મંદીરના મહંતશ્રી **લાલદાસજી** છે, તેઓ આ કામ કરાવી શકે તેવા છે. માટે તેમને આ કામ સોંપીએ, પણ તે માટે રકમ જોઈએ, તે તો ફક્ત રૂા. ૮૦૦) આઠસોના આશરાનીજ હતી, તેથી શું કામ થાય. ઠીક છે જે થશે તે ખરૂં. ઇશ્વર ઇચ્છા બળવાન છે. ગામના આગેવાનોએ મહંતશ્રીને ઘણો આગ્રહ કરીને કામની શરૂઆત કરવાનું કહ્યું, એટલે

તેમણે કામનો આરંભ કર્યો. મહંતશ્રીએ વિચાર કર્યો કે આ મહાન કામ છે, તે માટે રકમ તો ભારે જોઈએ, તેના જવાબમાં પટેલ પરભુદાસ જેશંગદાસે કહ્યું કે, શંકર ભગવાનના ત્યાં કાંઈ ખોટ નથી. બીજા ભક્તોનાં કામ તે કરે છે, અને આ કામ તો તેમનું પોતાનુંજ છે. માટે વિશ્વાસ રાખો તે આશુતોષ છે, તેથી સારી રકમ જરૂર આવી મળશે. માટે કામની શરૂઆત કરો.

સદરહુ કામની શરૂઆત સંવત ૧૯૭૭ના આસો સુદ ૭ને શનિવારે કરી, અને ખાત મહુર્ત સંવત ૧૯૭૮ ના માગસર સુદ ૯ના રોજ થયું; પણ રકમ થોડી હોવાથી કામ ધીમે ધીમે ચાલતું, કારણ કે મહંતશ્રીએ નથી કરી ટીપ કે નથી કરી કોઇ પાસે માગણી. હવે આ ચિંતા શંકર ભગવાનને થઈ, અને તેઓ રકમ લાવ્યા પણ ખરા. તે એવી રીતે કે અહીંના મુળવતની પટેલ અંબારામ ધનશા કે જે ઝવરભાવાળા કહેવાય છે. તેમનો દીકરો નામે શંકરભાઇ અંબારામ માબાપ વગર એકલા થવાથી તેમના મોસાળ પક્ષમાં રહેતા હતા. તે બીમાર થવાથી તે તેમના મામાને તેડી રાંધેજા આવ્યા. આ પહેલાં છ માસ અગાઉ તે રાંધેજા આવેલા ત્યારે મહાદેવના ચાલતા કામમાં મદદ કરવા આવતા હતા. તેથી તેમને શંકર ઉપર વધારે ભાવ હતો. વળી શંકર ભગવાને આ શંકરભાઈ અંબારામને પ્રેરણા કરી કે દેહ ક્ષણભંગુર છે. માટે હવે તમારી મીલ્કતનો સદ્ ઉપયોગ કરો. એથી તેમને પણ વિચાર થયો કે આ બીમારીમાંથી હું બચી શકીશ નહીં. જો એમજ થાય તો મારી મિલ્કતનો દુરૂપયોગ થશે. આવો નિશ્ચય થવાથી તેમણે

ગામના તમામ આગેવાનોને એકઠા કરી તેમની તમામ મિલ્કત મહાદેવને અર્પણ કરી, તે બાબતનો લેખ સંવત ૧૯૮૦ના અસાડ વદ પાંચમના રોજ થયો છે; અને બન્યું પણ એવું કે તેઓશ્રીનો બીજા દિવસેજ કૈલાસ વાસ થયો. હવે આ મિલ્કત મહાદેવજીના કબજે આવી, અને તેમાંથી આશરે રૂા. ૫૦૦૦) પાંચ હજાર જેવી મોટી રકમ હાથ લાગી. એટલે દેવાલયનું કામ ધમધોકાર ચાલવા માંડયું. વળી ગામમાંથી પણ કેટલાક સદ્ ગૃહસ્થોએ મદદ કરી. આ કામ ચાલતું હતું તે દરમ્યાન કામ બંધ કરી સંવત ૧૯૮૫ની સાલમાં મહંતશ્રી બીજા ભાવિક ભક્તોને સાથે લઈ બદ્રીનાથ વગેરે ચારે ધામની જાત્રાએ નીકળ્યા હતા. ચાર માસની મુસાફરી કરી અશાડ માસમાં ઘેર આવ્યા. એટલે શંકર ભગવાનની પ્રેરણા થવાથી તેજ સાલ એટલે સં. ૧૯૮૫ના શ્રાવણ માસમાં મહાદેવજીની પ્રતિષ્ઠા પટેલ શિવરામ વનમાળીદાસ તથા પટેલ જીવતરામ ભાઇચંદદાસ અને પટેલ લલ્લુભાઈ રણછોડદાસના હસ્તે થઈ હતી. પછી પણ અધુરૂં કામ પુરૂં કરવા પ્રયાસ ચાલુ હતો, અને છેવટે સંવત ૧૯૯૨માં ઘુમટનું કામ બાકી હતું તે ધાબારૂપે કરાવી પૂર્ણ કર્યું છે. ત્યાં સુધીમાં કુલ રૂા. ૩૦૦૦૦) ત્રીસ હજારના આશરે ખર્ચ થયું છે, અને હજુ પણ બાજુની ધર્મશાળાઓનું કામ અપૂર્ણ છે. તેમાં પણ મોટી રકમની હજી ઘણીજ જરૂર તો છે. તે મહાદેવજી ભક્તોના હૃદયમાં પ્રેરણા કરશે ત્યારે પૂરૂં થશે. માણસ કાંઇ કરી શકતું નથી.

इति शिवम्

પ્રસ્તાવના

યાદ્દશી ભાવના, તાદ્દશી સિદ્ધિ ॥

મતલબ કે જેવી ભાવના હોય, તેવી સિદ્ધિ થાય છે.

દોહરો–હરિમય સર્વ જગત છે, ભલા બુરા નહીં કોય;
જેસી જીનકી ભાવના, એસા ફલ ઇનકુ હોય ॥

પશુથી માણુસને ઉત્તમ કહ્યો છે. શાથી કે માણુસમાં વિચાર કરવાની શક્તિ છે. એ વિચારશક્તિનો જો ઉપયોગ કરે તો તેને સમજાય કે આ શરીર હું છું? કે તેમાં જે જીવ રહેલો છે, તે હું છું? બંનેમાં હું કોણુ છું? તે વિચારવાથી માલમ પડે કે શરીર તો હાડકાંનું પુતળું ને ઉપર ચામડું મઢેલું છે, ને અંદર રૂધિર, મળ, મુત્ર ભરેલું છે, તેથી તે તો હું નહીં પણુ જીવ હું છું; પણુ એતો દેખાતો નથી. આ શરીરમાં આંખો સર્વ વસ્તુઓને જુએ છે, પણુ પોતાને દેખતી નથી. તો તેને જોવાને માટે જેમ દર્પણુ રૂપી સાધનની જરૂર છે. તેમ જીવને જોવાનું સાધન પણુ વિવેક, વિચાર, વૈરાગ્ય ને સંતોષ આ ચાર સાધન હોય તો જીવ શી વસ્તુ છે, તે ઓળખાય. નહીં તો જેમ એક મહાપુરૂષના કહેવા મુજબ

વિવેક વિનાનું માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણુ છે જુઓ, હાથ પગ મુખ કાન.
મુરખ માથે શીંગડાં, નહીં નિશાની હોય;
સાર અસાર સમજે નહીં, જન તે મુરખ જોય.

मनः एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ॥

અર્થ—મન એજ મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ છે. વિષયી મન બંધન કરતા છે, ને નિર્વિષયી મોક્ષ આપનાર છે. એકેક વિષયવાળાં પ્રાણી પણ બંધનમાં પડે છે, તો માણસમાં તો પાંચ વિષય છે, તેથી તે જરૂર બંધનમાં પડે છે. સ્પર્શ વિષયથી હાથી, રૂપ વિષયથી પતંગીઉં, ગંધ વિષયથી ભમરો, શબ્દ વિષયથી મૃગ અને રસ વિષયથી માછલું બંધનમાં પડી પ્રાણ ખુએ છે. આ ઉપરથી માણસે વિચાર કરવો જોઈએ કે ઢોર પણ બારં મહિનામાં એક વખત વિષય ભોગ કરે છે, ને વાઘ તો તેની આખી જીંદગીમાં એકજ વખત ભોગ કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, માણસનો જન્મ વિષય ભોગ માટે નહીં, પણ હું કોણ છું ને હરિ શી વસ્તુ છે, તે ઓળખવા માટે છે, ને તે જો ન ઓળખ્યા તો—

ઢોર ઘડંતાં મનુષ્ય ઘડયો, ન ઘડયાં શીંગ ને પૂંછ;
મનુષ્ય દેહથી હરિ ન ઓળખ્યા, ધિક્ દાઢી ધિક્ મૂછ.

દાખલા તરીકે–આખી દુનિયાનું જીવન ખેતી ઉપર છે, ને તે ચોમાસામાં થાય છે. એમાં પણ જે ખેતર સારૂં તેમાં પાક સારો, ને વાવણી વરસાદ આવી ગયા પછી થાય છે. વળી જે ખેતરમાં આજે વાવેતર કર્યું, તેમાં બીજે દિવસે કોઈ વાવવા જતું નથી. તેમાં કોઇ કારણથી ઉગે નહિં તો ફરીથી વાવેતર થાય; આ વાત મૂર્ખ ખેડુત પણ સમજે છે. આ તો એક દૃષ્ટાંત કહ્યું, પણ તે ઉપરથી સિદ્ધાંત એ છે કે સંસાર એ ખેતી છે, અને સ્ત્રી તે બીજ વાવવાનું ક્ષેત્ર છે, ને પુરૂષ વાવનાર ખેડુત છે. ખેતર પણ કારણ સિવાય ફરી

વવાતું નથી, તેમ સ્ત્રીરૂપી ખેતરમાં માસિક ઋતુ પ્રાપ્ત થયા સિવાય ફરી વવાય નહિં. ખેતર જેમ કેળવાય તેમ પ્રજા પણ સારી થાય છે. આ પ્રમાણે વિવેકથી વરતે તે વિવેકી કહેવાય. આજકાલ લોકો ઉપવાસ કરી શરીરને કષ્ટ આપે છે, પણ ગીતામાં તો કહ્યું છે કે; ભૂખે રહેનારનો યોગ સિદ્ધ થતો નથી. તેમ ઘણું ખાનારનો પણ યોગ સિદ્ધ થતો નથી. મિતાહારીનો યોગ સિદ્ધ થાય છે, તે મુજબ ગીતામાં કહ્યા પ્રમાણે વિષયોથી નિરાહાર રહેવું, તે ખરો ઉપવાસ છે. સ્ત્રી પાસે હોવા છતાં વિષય સુખ ન ભોગવવું કે જે ન ભોગવે તે જીતેન્દ્રિય કહેવાય છે. એવી રીતે બ્રહ્મચર્ય વ્રત પાળી એક આસને સ્થિર બેસી ભગવાનના નામના એક કરોડ જપ કરવાથી વાણીનો જય થાય છે, અને વિર્ય પણ ઉપર ચઢી અમૃતના રૂપમાં ફરી જાય છે. આ પ્રયોગ છ માસ સુધીનો છે. એ પ્રમાણે કરવાથી કાંઈ પણ ગળપણ ખાધા સિવાય મુખમાં ગળપણની માહિતી થાય, ત્યારે જાણવું કે અમૃત તત્ત્વ ઉત્પન્ન થયું છે. ચિત્તમાં મળ, વિક્ષેપ અને આવરણ એ ત્રણ દોષ હોય છે, કુકર્મ તથા કુવિચારથી પડેલા સંસ્કારો મળ કહેવાય છે. ઇંદ્રિયદ્વારા વા વિષય સ્મરણથી અંતઃકરણનું જે પ્રબળ વેગથી વારંવાર વિષય ભણી ખેંચાવું તે વિક્ષેપ કહેવાય છે, ને પોતાના કૂટસ્થ રૂપને ન જાણવું તે આવરણ કહેવાય છે. આત્મસ્વરૂપને આવરણથી જીવને શરીરાદિમાં હુંપણાની ને જગત્માં સત્યપણાની ભ્રાંતિ થઈ રાગ–દ્વેષરૂપ વિક્ષેપ ઉપજે છે, અને રાગ–દ્વેષથી ધર્માધર્મ-રૂપ પ્રવૃત્તિદ્વારા જીવ ધર્માધર્મના સંસ્કાર રૂપ મળ દોષને ગ્રહણ કરે છે. સકામ પુણ્ય પણ ભવ ભ્રમણનો હેતુ હોવાથી

વિદ્વાનોની દૃષ્ટિએ તે પાપરૂપ છે. એ ધર્માધર્મ વડે જીવ ઘટીયંત્રમાંના ઘટની પેઠે ઉર્ધ્વ અધઃભ્રમણ કર્યા કરે છે, વિશ્રાંતિ પામતો નથી. કામનાનો ત્યાગ કરવાથી તેમજ લૌકિક, વૈદિક, તથા શુભ કર્મ કરવાથી શનૈઃ શનૈઃ ચિત્તના મળ દોષથી નિવૃત્તિ થાય છે. ચિત્તને કોઈપણ યોગ્ય ધ્યેયમાં દીર્ઘકાલ નિરંતર આદરપૂર્વક સ્થાપન કરવાથી ધીરે ધીરે ચિત્તનો વિક્ષેપ દોષ દૂર થાય છે, અને સત્ શાસ્ત્ર તથા સદ્ યુક્તિઓના વેત્તા તેમજ પરમ તત્ત્વમાં નિષ્ઠાવાળા પરમકારૂણિક આચાર્ય-દ્વારા વેદાંત શાસ્ત્રના શ્રવણાદિક વડે નિજસ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થવાથી ચિત્તના આવરણ દોષની અત્યંત નિવૃત્તિ થાય છે. આવરણની નિઃશેષ નિવૃત્તિ થયે જીવનું ભયપ્રદ ભવ ભ્રમણનું દુઃખદ ભ્રમણ દૂર થાય છે, ને પોતે અખંડાનંદ-રૂપે શાશ્વત વિરાજે છે. ત્રિવિધ તાપનો અજ્ઞાનરૂપ મૂળ સહિત અત્યંત ઉચ્છેદ અને સ્વાભાવિક પરમાનંદનો નિત્ય આવિર્ભાવ એ વિવેકી મનુષ્યને મુખ્ય પ્રાપ્ત કરવા યોગ્ય છે. એ પ્રાપ્તવ્યની પ્રાપ્તિ આત્મસ્વરૂપના જ્ઞાનથી થાય છે ને આત્મ સ્વરૂપનું જ્ઞાન આ આનંદ સાગરનું પુસ્તક વાંચી–વિચારીને તે પ્રમાણે વર્તવાથી થાય છે. તેથી જિજ્ઞાસુ જનોએ આનંદ સાગર પુસ્તક વાંચવું અથવા તે શ્રવણ કરવું આવશ્યક છે, મનનું સ્વરૂપ ભાવ છે, તેમ આત્માનું સ્વરૂપ આનંદ છે. માટે આ પુસ્તકનું નામ **આનંદ સાગર** રાખેલું છે. આનંદ સાગરમાં દાખલ કરેલી બાબતો કેટલીક ગદ્યમાં અને કેટલીક પદ્યમાં પણ છે, તેમજ તે બાબતો શરૂઆતના અભ્યાસીને તેમજ ઉંચી સ્થિતિએ પહોંચેલા જિજ્ઞાસુઓને ઉપયોગી થાય, તેવી દાખલ કરી છે. આમાં વ્યવહારીક બાબતો કાંઈક છે, પણ આત્મજ્ઞાન

૨૨૦૫૯

થાય તેવી ચીજોનો વધારે સંગ્રહ કરી છાપવામાં આવ્યો છે. વળી ભજન ગાનારને પણ રસ પડે તેવાં આત્મજ્ઞાનનાં ભજનો પણ દાખલ કર્યાં છે. વળી વગર દવાએ રોગ મટાડવાના ઉપાયો પણ અનુભવ સિદ્ધ કરી છાપેલા છે. તે પ્રમાણે કરી જોવાથી ખાત્રી થશે. આ આનંદસાગર પુસ્તકમાં જે જે પુસ્તક અંદરની બાબતો દાખલ કરી છે, તેના કર્ત્તાઓનો આભાર માનું છુ. વળી મારી સંગ્રહ કરેલી ચીજો છપાવવા માટે જે તે સ્થાને ગોઠવવામાં સલાહ તથા શુદ્ધ ભાષામાં લખી આપનાર મારા મિત્ર યાજ્ઞિક ભવાનીશંકર બહેચરરામનો પણ આભાર માનું છું. આનંદ સાગર પુસ્તકમાં ૧૪૬મે પાને પાંચ લીટી છાપેલી છે. તે પ્રમાણે અનુભવ થવાથી આ ગ્રંથની સમાપ્તિ કરી છે.

ભવાનીશંકરૌ વંદે શ્રદ્ધા વિશ્વાસરૂપિણૌ,
યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃ સ્વાંતસ્થમીશ્વરમ્ ॥

અર્થ—જેના વિના સિદ્ધપુરૂષો અંતઃકરણમાં રહેલા ઈશ્વરને જોઇ શક્તા નથી. તે શ્રદ્ધા અને વિશ્વાસરૂપ પાર્વતી અને શ્રી મહાદેવને હું પ્રણામ કરૂ છું.

ઘણી કાળજીથી પ્રૂફો સુધાર્યાં છે, છતાં દૃષ્ટિદોષથી તથા મુદ્રણદોષથી જે ભૂલો થઇ હોય તે સુધારીને વાંચી લેવા વાંચકવર્ગને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

ઇતિ શિવમ્

પટેલ પરભુદાસ જેસંગદાસ.

જીવનચરિત્રની ટુંક નોંધ

પટેલ પરભુદાસ જેસંગદાસનો જન્મ સંવત ૧૯૩૩ ના વૈશાખ સુદ ૧૧ ના દિને થયેલો તેમના પિતાશ્રીનું નામ જેસંગદાસ અને માતુશ્રીનું નામ હરિબા હતું. નાનપણમાં ગુજરાતી શાળામાં છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરી કેળવણી ખાતાની નોકરીમાં જોડાયા; પણ નોકરી ન પસંદ કરી પોતાનો જાતિ ધંધો ખેતીનો કરવા લાગ્યા, અને સંવત ૧૯૫૪માં લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. ઘણાં વર્ષો પછી કાંઈ સંતાન ન થવાથી નજીકના સંબંધીઓએ બીજીવાર લગ્ન કરવા આગ્રહ કર્યો; પણ તેમ કરવા તેમણે સાફ ના પાડી. તેમને અનુભવ હતો કે સંસાર ખોટો ને દુઃખરૂપ છે. તેમના પિતાશ્રી તથા માતુશ્રી અને તેમના એક મોટાભાઈ દેવલોક થયેલાં હતાં. પિતા તો મહાદેવના પરમ ભક્ત હતા, તેથી તેમનો ચાર્જ પરભુદાસે લીધો, અને ત્યારથી તે ભક્ત કહેવાવા લાગ્યા. આથી તેમના ત્યાં સંત–સાધુઓ વગેરે આવવા લાગ્યા. પૈકી એક મહંત જે કાશી નિરંજની અખાડાના **જાલમપુરી મહારાજ** આવ્યા. તેમણે આ ભક્તને અધિકારી જાણી આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. ત્યારથી તે આગળ વધ્યા, અને વ્યવહારમાં રહીને યોગાભ્યાસ અને વેદાંતનો અભ્યાસ કરવા લાગ્યા. આમાં તેમને ખૂબ આનંદ લાગવાથી દિવસનો ઘણો ભાગ આત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચવામાંજ કાઢવા લાગ્યા–

તેનો સંગ્રહ કરવા લાગ્યા, અને (બાવન) વર્ષની ઉંમર થઈ એટલે છેલ્લી વખત ચાર ધામની યાત્રાએ ગયા, ત્યાંથી આવી સંવત ૧૯૮૫ના શ્રાવણ માસમાં **જાગેશ્વર મહાદેવની** સ્વહસ્તે પ્રતિષ્ઠા કરાવી તે વખતે દાન તરીકે સદાવ્રત ખાતે રૂા. ૧૦૨૫) રોકડા અને નવ વીઘા જમીન અર્પણ કરી. ત્યારપછી દસ વર્ષે તેમને એમ લાગ્યું કે આ દેહ તો ક્ષણભંગુર છે માટે સંગ્રહ કરેલો વેદાંતસાર પુસ્તકરૂપે પ્રગટ કર્યો હોય તો સારૂં. એજ આ **આનંદ સાગર** પુસ્તક છે.

સદર પુસ્તક છપાવી પૈસા પેદા કરવાનો તેમને લોભ નહીં હોવાથી તે તેમના **ઇષ્ટદેવ જાગેશ્વર મહાદેવ** તથા **અન્નક્ષેત્રને** અર્પણ કર્યું છે. આથી તેમણે તે બાબતમાં લીધેલો પ્રયાસ લોક કલ્યાણને માટે છપાવ્યો, અને તે પુસ્તકની કમાણીમાં પણ લોભ નહીં રાખતાં તેમણે જે ઉદારતા બતાવી છે, તે બદલ તેમને ધન્યવાદ આપવો ઘટે છે.

ભવાનીશંકર બહેચરરામ યાજ્ઞિક,
માજી હેડ માસ્તર—**રાંધેજા.**

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
મંગળાચરણ ...	૧
ગુરૂસ્તુતિ ...	૧
ઈશ્વર પ્રાર્થના ૧ થી ૪...	૪
જ્ઞાની પંડિત કૌન હૈ ...	૯
ભવસાગર સંબંધી ભજન	૯
મનને ચેતવણી પદ ...	૧૨
મન પુષ્ટિકાર પત્રિકા—અથવા ગુરૂ શિષ્યનો સંવાદ...	૧૩
ગુરૂનું જ્ઞાન હૃદયમાં ઠસ્યાની પરિક્ષા... ...	૧૯
દેહ સંબંધી વર્ણન ...	૧૯
ભજન (મીરાંબાઇ) ...	૨૫
તત્ત્વમસિ સંબંધી પદ ...	૨૫
કેવા જીવનને ધન્ય છે (ભજન)	૨૭
અખાનો ઉપદેશ ...	૨૯
વિદ્યા કોનું નામ? ...	૩૦
ગોસ્વામિ તુલસીદાસ કૃત—રામ શલાકા પ્રશ્નાવલી	૩૧
કીર્તન (કેવળરામ કૃત)...	૩૪
ઉપદેશ (બ્રહ્માનંદ કૃત)...	૩૭
ભજન (કબીર સાહેબ કૃત)	૪૦
ધર્મદાસજીકે શબ્દ ...	૪૧
સંતકે લક્ષણુ... ...	૪૨
રહીમ કૃત (ભજન) ...	૪૨
સત્સંગ યોગ... ...	૪૩
અભેદ જ્ઞાન	૪૪
આસન નિરૂપણ ...	૪૫
મહેનત કર્યાં સિવાય ખાય છે તેના માટે ઉપદેશ	૪૫
વૈરાગ્ય વિષે	૪૬
આત્મદેવની સ્તુતિ—આરતી	૪૯
સંસારમાં કોઈ કોઇનું સગુંનથી	૪૯
આત્મદર્શન	૫૦
નારી નિંદાકો અંગ ...	૫૦
સ્વરૂપ વિસ્મરણકો અંગ...	૫૨
શૂરાતનકો અંગ ...	૫૩
આત્મા ચલાષ્ટક ...	૫૭
બોધનો અવધિ ...	૫૯
ધન સંપાદન બાબત ...	૫૯
યોગવસિષ્ઠ—ઉપશમ—પ્ર. ૪૩	૬૦
,, શરીરનગર વર્ણન...	૬૧
,, અંતર ચિત્તવર્ણન...	૬૫
,, દેવ અર્ચનકા—વિધાન	૬૯
,, જીવઅહંકાર નાશ	૭૧
ધમનાં દશ અંગ ...	૭૧
ચૌદ વિદ્યાનાં નામ ...	૭૧
પતિપત્નિકા ભાવ ...	૭૨
રામ ચરિત્ર શિક્ષા સાર...	૭૨

પરમાર્થ રહસ્ય ... ૭૩
રામ સબમેં રમી રહ્યાહૈ... ૭૩
રામ શબ્દનો અર્થ ... ૭૪
ગીતા રહસ્ય ૭૫
ગીતામાં દૈવી પાત્રોની સમજ ૭૭
,, આસુરીપાત્રોની સમજ ૭૯
ચિત્તને વિક્ષેપકા હેતુ ... ૮૦
ગીતા અ. ૫–૧ ... ... ૮૧
ગીતા અ. ૧૩–૩૨ ... ૮૧
વજ્રસૂચિ ઉપનિષદનો સાર ૮૧
આધ્યાત્મ ઉપનિષદ્નો સાર ૮૨
કઠ રૂદ્રોપનિષદ્નો સાર ... ૮૫
પાંચ પ્રકારની ભ્રાંતિ તથા
તેનું નિવારણ ... ૮૬
બલિદાન રહસ્ય ... ૮૬
ગાયત્રી મંત્ર ૮૮
જ્ઞાન યોગ સંબંધી ... ૯૦
જ્ઞાન યોગનાં આઠ અંગ... ૯૧
સંપૂર્ણ યોગ ૯૧
બ્રાહ્મણનું કર્તવ્ય સંબંધી–ખાસ
સુચના ... ૯૨
જુગાર ૯૪
દૈનિક કલ્યાણ સૂત્ર ... ૯૬
રામાયણમાંથી શિક્ષા ગ્રહણ
કરવાની તે ... ૧૦૧
રામાયણ–પંચદશી ... ૧૦૩
લક્ષ્મણ ને નિષાદનો સંવાદ ૧૦૫
સેવાનો ધર્મ અતિશય કઠણ છે ૧૦૭
મરેલાને મારવાથી મોટાઈ
મળતી નથી ... ૧૦૭
સ્વર વિજ્ઞાન... ... ૧૦૮
ઔષધ વિના રોગ નિવા-
રણનો ઉપાય ... ૧૦૯
ગર્ભાધાન સંસ્કાર સંબંધી
કાંઈક ... ૧૧૩
અગ્નિ બુઝાનેકા કૌશલ... ૧૧૩
રક્ત શુદ્ધ કરનેકા કૌશલ ૧૧૪
કુછ ઉપયોગી સુચનાઓ... ૧૧૫
અહંકાર કે નાશકા ઉપાય–
નમસ્કાર... ... ૧૧૯
ચંદ્રની સોળ કળાનાં નામ–
સોમચક્ર ૧૧૯
પ્રાણ ઔર ઋષિ ... ૧૨૦
જીવનમુક્તકા નિશ્ચય ... ૧૨૧
દસ નામાપરાધ ... ૧૨૨
જ્ઞાન મેળવવા બાબત
એક દૃષ્ટાંત ... ૧૨૩
વિવાહના પ્રકાર ... ૧૨૪
લગ્ન વખતની પ્રતિજ્ઞાઓ ૧૨૬
ચર્પટ પઞ્જરીકા સ્તોત્રમ્ ૧૨૮
કાશી પંચક, નિર્વાણષટકમ્ ૧૩૦
પ્રતીતિ અંગ... ... ૧૩૧
અપરાધ ક્ષમાપન સ્તોત્રમ્ ૧૩૨
સહજ અંગ ૧૩૨

વેષવિચાર અંગ	... ૧૩૩
મૂરખ મિત્ર વિષે	... ૧૩૬
પ્રીત કરવા વિષે	... ૧૩૬
દરિદ્ર જવા વિષે	... ૧૩૬
કપૂત વિષે ...	... ૧૩૬
સ્વભાવ વિષે...	... ૧૩૬
ગરજ વિષે ...	... ૧૩૭
રતિ (ભાગ્ય) વિષે	... ૧૩૭
દુરીજન વિષે...	... ૧૩૭
આદમીના તોલ વિષે	... ૧૩૭
ચંચળતા વિષે	... ૧૩૮
વચન ફેરવવા વિષે	... ૧૩૮
રામકૃષ્ણ પરમહંસનાં બોધ–વચનો	... ૧૩૮
બાળક જેવો થા	... ૧૩૯
માયાનો અને બ્રહ્મનો સંબંધ કેવો છે ?	... ૧૩૯
દેવળમાં દર્શન કરી બોધ ગ્રહણ કરવા વિષે...	૧૪૦
સારી વાણી બોલવાથી થતા લાભ	... ૧૪૩
લગ્નવિધિની સમજણ	... ૧૪૩
અનુભવી અંગ	... ૧૪૬
સાધુ મગનદાસજી કૃત કીરતનો (૧ થી ૧૧)	૧૪૭
જીવ અંગ ...	... ૧૫૩
સંત અંગ ...	... ૧૫૪
આત્મા અંગ ...	... ૧૫૬
ભજન ...	... ૧૬૦
શ્રીરામસ્તુતિ ...	...

મંગળાચરણ

(તુલસીદાસકૃત રામાયણમાંથી)

જેહિકે સુમિરણ ધ્યાનતે, બનત સકલ શુભ કાજ;
સો ગણેશ વાણી સહિત, જ્ઞાન દીજિયે આજ. ૧
સિદ્ધિ સદન આનંદ કરણ, મંગલ મોદ નિધાન;
લક્ષ્મણ અરૂ સીતા સહિત, રામચંદ્ર ભગવાન. ૨
ભરત શત્રુસૂદન સહિત, દવહુ સો કૃપા અગાર;
ચરણ કમલ અતિ પ્રેમસો, વંદો વારંવાર. ૩
વન્દો પદધર ધરણિશિર, મહાવીર હનુમાન;
બલબુદ્ધિ વિદ્યા દીજિયે, નિજજન મન અનુમાન. ૪
રામાયણ કે તિલકમેં, હોહુ સહાયક આય;
ચૂક પરે જો અર્થમેં, દીજે આપ બતાય. ૫

॥ શ્રી ગણેશાય નમઃ ॥

આનંદ સાગર

મંગળાચરણ

વિઘ્નેશ્વરાય વરદાય સુર પ્રિયાય,
લંબોદરાય સકલાય જગજ્જિતાય ।
નાગા ન નાય શ્રુતિ યજ્ઞ વિભુષિતાય,
ગૌરી સુતાય ગણનાથ નમો નમસ્તે ॥

ગુરૂ સ્તુતિ (૧)

ધ્યાન મૂલં ગુરૂ મૂર્તિ, પૂજા મૂલં ગુરૂપદં ।
મંત્ર મૂલં ગુરૂ વાક્યં, મોક્ષ મૂલં ગુરૂકૃપા ॥ ૧ ॥
અજ્ઞાન તિમિરાંધસ્ય, જ્ઞાનાંજન શલાકયા ।
ચક્ષુરૂન મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુર્વે નમઃ ॥ ૨ ॥
ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્નુ, ગુરૂર્દેવો મહેશ્વરઃ ।
ગુરૂઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુર્વે નમઃ ॥ ૩ ॥
બ્રહ્માનંદં પરમ સુખદં, કેવલં જ્ઞાન મૂર્તિ ।
દ્વંદ્વાતીતં ગગન સદ્દશં, તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્ ॥
એકંનિત્યં વિમલમચ્ચલં, સર્વધી સાક્ષી ભૂતં ।
ભાવાતીતં ત્રિગુણ રહિતં, સદ્દગુરૂ ત્વં નમામિ ॥ ૪ ॥

(૨)

સદ્દગુરૂ ચરણે નમું, માગું પ્રેમ પ્રસાદ;
દયા કરીને દીજીયે, હરિ રસ અમૃતસાર. ૧
વાણી શકે નહિં વર્ણવી, સદ્દગુરૂ કેરૂં સ્વરૂપ;
બળ બુદ્ધિ પહોંચે નહિં, ઉપમા રહી અનુપ. ૨
હોય અંતઃકરણ ઉજળું, જડ તિમિર ટળી જાય;
સર્વે લાગ્યું સૂઝવા, આપ દર્શન મહિમાય. ૩
ગુરૂપદ પંકજ પૂજતાં, ચૌદે લોક પૂજાય;
શિવ વિરંચિ શારદા, જશ ગુરૂના ગાય. ૪
સદ્દગુરૂ શાસ્ત્ર શ્રુતિ, એઉ મીલકીનો તોલ;
જીવ નહિં તું બ્રહ્મ હૈ, કહત વગાડી ઢોલ. ૫
જપ તપ તિરથ જોગનું, ફળ તો જે કહેવાય;
પ્રીતમ સદ્દગુરૂ શેવતાં તેતો સહેજે થાય. ૬

(૩)

બ્રહ્મ દર્શી ગુરૂ મળ્યારે મનના ભાવતા,
તેણે કીધોરે મને દેહ છતાં વિદેહજો,
હું મારૂં સમાઈ ગયોરે મનની માનતા,
લાધ્યો મારો પરમ સુખ નિજ ધામ જો. બ્રહ્મદર્શી...૧
પોતાનો જાણીરે કૃપા મુજને કરી,
જોયો નહિં કાંઈ અપરાધીનો ફંદજો;
આપી વરદાનરે ભવભય ટાળીયો,
પાયુંરે મુજને અમૃત બ્રહ્માનંદ જો. બ્રહ્મદર્શી...૨
ગુરૂએ કહ્યુંતુંરે પૂરણ બ્રહ્મ પરમાત્મા,
તે મારગમાં કીધો મેં પરવેશજો;
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ મૂકીને ચાલીયાં,
આગળ દીઠી તુર્યાવસ્થા શેષજો. બ્રહ્મદર્શી...૩

તુર્યાથી આગ્રેરે ઉન્મન પંચમી,
તેનું નિર્વિકલ્પ સમાધિ નામજો;
તે સ્થળ જોતામાં આવાગમન તે વિસર્યું,
લાધ્યો મારો પરમ નિજસુખ ધામજો. બ્રહ્મદર્શી...૪

જાગ્રત હું ધરીને સૌ સંગાથને,
ઇંદ્રિ દ્વારે કરૂં મનનો વ્યવહારજો;
તે સૈન્યમાં નવ તત્ત્વ કલેવર આથડે,
તેના સુખ દુઃખનો જાણુણહારજો. બ્રહ્મદર્શી...૫
લીન જ્યાં વ્યવહાર તે સુષુપ્તિ જાણવી,
કાંઈ નહિં ત્યાં હુંજ પ્રકાશી એક જો;
જાણુણહારી તુર્યા તેથી હું વેગળો,
જ્ઞાતા જ્ઞેયને તુર્યા ટેકજો. બ્રહ્મદર્શી...૬

બોલું તોપણ મુન્ય ટળે નહિં માહરૂં,
બોલું ને નવ બોલું એવી રીતજો,
સાંભળતામાં હું સાંભળું નહિં કાંઈ વાતને,
એ છે મારો અનુભવ વેદ વિદિતજો. બ્રહ્મદર્શી...૭

હું અસંગ સુસંગ નહિં ચારે અંગનો,
તક્ર પડયુંરે જેમ માખણ અળગું હોયજો;
ભાસ્યું સૌ સરખું પણ હું સૌથી વેગળો,
રંગ તણોરે જેમ સ્ફાટિકમાં ન ભાસે કયાંયજો. બ્રહ્મદર્શી...૮

અગ્નિ સંગે શીતળ લોઢું તપાવીયું,
બાળે લોહ પણ અગ્નિ એ કહેવાયજો;
માહરી ચેતનતાનેરે ઓડે આશરે,
ઈંદ્રિ તનમન ચેતનવત દેખાયજો. બ્રહ્મદર્શી...૯

સર્વ વ્યાપક અચલો જેમ આકાશ છે,
ઘટમઠનોરે કાંઈ ભેદ બોલ્યો રે નવ જાયજો;

અનુસ્યૂત સૌમાં પૂરણ છે પરમાત્મા,
જીવ ઈશ એતો ભેદ અવિદ્યાની માંયજો. બ્રહ્મદર્શી...૧૦
એવો હું પરિપૂરણ ચિદ્દઘન એકલો,
બીજું કલપીત [1]જેવરીમાં જેમ સાપજો;
વાચારંભણ નામ રૂપ પરપંચ છે,
અવિલોકી ચેતન આપો આપજો. બ્રહ્મદર્શી...૧૧
ચેતન કહું તો જડતા બીજી કલ્પીએ,
કાંઇ વિશેષણ દીધું રે નવ દેવાયજો;
મુગો શું કહેરે ખાંડના સ્વાદને,
જ્યમ [2]નૌતમ છેતે બાપુ કેમ કહેવાયજો. બ્રહ્મદર્શી...૧૨

ઈશ્વર પ્રાર્થના (૧)

ॐ पूर्णमदः पूर्णमिदं, पूर्णात् पूर्णमुदच्यते ॥
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवा वशिष्यते ॥ १ ॥

ॐ शान्तिः ॐ शान्तिः ॐ शान्तिः ॥

(ઇશાવાસ્યોપનિષદમાંથી મંત્ર ૧)

અર્થ—આ પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણથી પૂર્ણ ઉત્કૃષ્ટ થાય છે, પૂર્ણના પૂર્ણને લઈને પૂર્ણજ અવશેષ રહે છે.

ૐ શાંતિ થાઓ, શાંતિ થાઓ, શાંતિ થાઓ.

વિવેચન—**આ**=તત્પદનો લક્ષ્યાર્થ. જે નિરૂપાધિક ચેતન. તે પૂર્ણ એટલે નિરતિશય વ્યાપક છે. **આ**=ત્વં (જીવ) પદનો લક્ષ્યાર્થ છે. અવિદ્યારૂપ ઉપાધિથી રહિત. ચેતન તે પણ બ્રહ્મરૂપ હોવાથી નિરતિશય વ્યાપક છે. **પૂર્ણ**=કારણ બ્રહ્મથી (માયા વિશિષ્ટ ચેતનથી) **પૂર્ણ**=કાર્ય બ્રહ્મ (સૂક્ષ્મ શરીરોની સમષ્ટિ વિશિષ્ટ ચેતન). **उत्कृष्ठ**=

૧. જેવરી=દોરડી. ૨. નૌતમ=છોકરો

વિશેષ સ્પષ્ટ થાય છે. ને તેનાથી વિરાટ વધારે સ્પષ્ટ થાય છે. **પૂર્ણ**=કાર્ય બ્રહ્મ—અસ્તિ; ભાતિને પ્રિયરૂપ પૂર્ણભાવને લઇને આત્યંતિક પ્રલયના જ્ઞાનવડે થનારા કારણ સહિત કાર્યના લયના સમયમાં પૂર્ણ એટલે સચ્ચિદાનંદ જ અવશેષ રહે છે.

આ શાંતિ પાઠમાં ત્રણે કાળમાં પરમ શાંતરૂપ જે બ્રહ્મ છે તેનું સ્વરૂપ સમજાવી સ્મરણ કરાવવામાં આવ્યું છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એમાં ૐ એ શબ્દ વડે સગુણ, નિર્ગુણ બ્રહ્મના નામનું કથન છે. અને ત્રણવાર શાંતિનાં ઉચ્ચારણથી આ ઉપનિષદ્નું અધ્યયન કરનારાઓની પોતાના સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીરના જ્વરોની વા અધ્યાત્મિકાદિ ત્રણ તાપોની નિવૃત્તિ કરવાં માટે દયાળુ પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે.

રામચંદ્ર સ્તુતિ (૨)

(તુલસીદાસ કૃત રામાયણમાં અત્રિઋષિની પ્રાર્થના છે)

નમામિ ભક્ત વત્સલં, કૃપાળુ શિલ કોમલં;
ભજામિ તે પદામ્બુજં, અકામી નામ સ્વધામદં. ૧
નિકામ શ્યામ સુંદરં, ભવામ્બુનાથ મંદરં;
પ્રફુલ કંજ લોચનં, મદાદિ દોષ મોચનં. ૨
પ્રલમ્બ બાહુ વિક્રમં, પ્રભો અમેવ વૈભવં;
નિસંગ ચાપ સાયકં, ત્રિલોકી નાથ નાયકં. ૩
દિનેશ વંશ મંડનં, મહેશ ચાપ ખંડનં;
મુનીંદ્ર સંત રંજનં, સુરારિ વૃંદ ભંજનં. ૪
મનોજ વૈરિ વંદિતં, અજાદિ દેવ સેવિતં;
વિશુદ્ધ બોધ વિગ્રહં, સમસ્ત દુઃખ તાપહં. ૫
નમામિ ઇંદિરાપતિં, સુખાકરં સતાંગતિં;
ભજેશ શક્તિ સાનુજં, સચીપતિ પ્રિયાનુજં. ૬
ત્વદંઘ્રિ મૂલ એનરા, ભજંતિ હીનમત્સરા;
પતંતિનો ભવાર્ણવે, વિતર્ક વિચિ શંકુલે. ૭

વિવિક્ત વાસિનઃ સદા, ભજંતિ મુક્ત ચેમુદા;
નિરસ્ય ઇંદ્રિયાદિકં, પ્રયાન્તિતે મતિ સ્વકામ. ૮
ત્વમેકમદ્‌ભુતં પ્રભું, નિરીહમીશ્વરં વિભું;
જગત્‌ ગુરૂચ શાશ્વતં, તુરીયમેક કેવલં. ૯
ભજામિ ભાવ વલ્લભં, કુયોગી નામ સુદુલર્ભં;
સ્વભક્ત કલ્પ પાદપં, સમસ્ત સેવ્યમન્વહં. ૧૦
અનુપ રૂપ ભુપતિં, નતો હમુર્વિજાપતિં;
પ્રસિદ્ધ મે નમામિ તે, પદાબ્જ ભક્તિ દેહિમે. ૧૧
પઠંતિ યે સ્તવમિદં, નરાદરેણ તે પદં;
વ્રજંતિ નાત્ર સંશયં, ત્વદીય ભક્તિ સંયુતં. ૧૨

ટીપ—આ સ્તોત્ર જે આદરથી પઢે તે તમારી ભક્તિ સહિત તમારા પદને નિસંદેહ પ્રાપ્ત થાય છે.

હરિનામ માળા (૩)

(છંદ સવૈયા એકત્રીસા)

ગુરૂ ગોવિંદ કૃપાનિધિ કેશવ, કમળાનાથ કૃપાળ,
કમળનયન કરૂણા સાગર, શ્રીકૃષ્ણ હરે ગોપાળ;
ગોપીજન વલ્લભ ગિરિધારી, ગોપીનાથ ગોવિંદ,
ગોકુલેશ ગરૂડધ્વજ ગોવર્ધનધારી વ્રજચંદ. ૧
ગોકુલચંદ ગદાધર ગોમતી પ્રિય રમેશ,
નારાયણ નરસિંહ નિરંજન નિરાકાર નરેશ;
નરકાંતક નરવિર નરોત્તમ નંદલાલ નરરૂપ,
જગન્નાથ જલશાયી જનાર્દન જ્યોતર્રૂપ જગભૂપ. ૨
જગદાધાર જશોદા નંદન જગજીવન જગનેશ,
શ્રીજમુના વલ્લભ જગવંદન જગદીશ્વર જમુનેશ;
ચક્રપાણિ ચતુર્ભુજ અચ્યુત ચિદાનંદ શુભકંદ,
ચતુરબાહુ ચાણુરતન મરદન શ્રીધર પરમાનંદ. ૩

દયા સિંધુ દામોદર દિનપતિ દીનાનાથ દયાળ,
દીનબંધુ પ્રભુ દેવકી નંદન, નરપતિ સુરપતિપાળ;
શ્રીપતિ પદ્માપતિ રાધાપતિ કમળાપતિ ભવેશ,
દધીજાપતિ રૂક્ષ્મિણીપતિ સાગર સુતાપતિ હૃષિકેશ. ૪
પદ્મનાભ પુરૂષોત્તમ પરિબ્રહ્મ પરમ પુરૂષ પરમેશ,
પુષ્કરાક્ષ પરમાક્ષ પરમપ્રભુ મધુસૂદન મથુરેશ;
ધરણીધર અવનિધર ભુધર વસુમતિધર મહિધારી,
કૌસ્તુભધર પિતાંબરધર, બંસીધર કુંજબિહારી. ૫
માધવ મુરમરદન મધુમરદન મતિ વિક્રમ સુખધામ,
મુકુંદ મેઘવર્ણ મહાબાહુ જદુપતિ સુંદર શ્યામ;
રામચંદ્ર પ્રભુ દશરથ નંદન દયાસિંધુ ભગવંત,
માં પાહિ માં પાહિ પાહિમામ્ પુર્ણાનંદ અનંત. ૬
અષ્ટોતરશત્ નામ કૃષ્ણનાં ગણીગણી જે જનગાય,
રોગ દોષ દુઃખ કલેશ જશે વળી પળમાં પાપ પળાય;
મન વાંછિત ફળ તેને મળશે દયો કહે ધ્રુવ વાણી,
કોટીક કારજ તજીને ભજીયે દૃઢ કરી સારંગપાણિ. ૭

શંકર સ્તુતિ (૪)

ભજ ભવતારણ સંકટ હારણ શંકરને,
નામ જપો એ નાશ કરે યમના ડરને. ભજ ભવતારણ...૧
જગદીશે જાળવીયો જો જઠરા જાળે,
કાઢે કોણ છેલ્લો ગર્ભ તણે ગાળે;
તપાસ્ય ટાણે તેવડ ના પોતી તારી,
બચવા બહાર જડયું ના બેઠો બળહારી;
તે બંધન તોડાવે એ નારી નરને. ભજ ભવતારણ...૨
કરૂણા સાગર નટ નાગર જપતા જેને,
નેતિ નેતિ નિગમ રટે નિશદિન તેને;

વ્યાપક વિશ્વ ચરાચરના પોતે સ્વામિ,
અજ અવિનાશી અચ્યુત એ અંતરયામિ;
એકન અન્ય લહીશ સ્વરૂપ હરિહરને. ભજ ભવતારણ...૩

વ્યર્થ વિશ્વને બેઠો માની મૂઢ ખરૂં,
લાગ્યું તેને લખચોરાશીનું લફરૂં;
ચાર ખાણની ચાંપણમાં જેજે દુઃખ થાયે,
વિષમ વિપત્તિના વિધિએ વરણી જાયે;
માફ કરે તો ના મુશ્કેલ એ વિષધરને. ભજ ભવતારણ...૪

ચિદાનંદનું ચિત્ત સાથે ચિંતવન કરતો,
તે ન લહ્યો કો પાપ વિષે પગલું ભરતો;
માયા મોહ તિમિર તૃષ્ણા મનથી ટાળે,
નિર્મોહીને બ્રહ્મચરાચરમાં ભાળે;
તે પદ તું પામીશ લહીશ દિગંબરને. ભજ ભવતારણ...૫

અંતર ઈચ્છા જે માગે તેને આલો,
વૈભવ ન કરે વૃષભા રૂઢ માટે વહાલો;
ભક્તિ ભાવિક બ્રહ્મવિદને ભયત્રાતા,
વિશ્વ વિષે નહિં વિષધરનાવત વરદાતા;
નિર્મુખ ના જાવાદે પાશ થકી પરને. ભજ ભવતારણ...૬

ભાળ ભમે આ મુસ્તક ઉપર કાળ છડી,
પળમાં જાશે પવને વીંટયો પંડચ પડી;
કર ગંગાધરનું ઘટમાં મન ધ્યાન ઘડી,
જેની આગળ નૃત્ય કરે માયા નટડી;
થાય પ્રગટ અંતર જીતે જુવતી જરને. ભજ ભવતારણ...૭

અંતર શત્રુ આશાના પ્રગટ થાયે,
કામ ક્રોધ ને લોભ મોહ મુનિઓ ગાયે;
મચ્છર ગર્વ સહિત અંતર એ દુઃખ દે છે,

શંભુ સમરે એ સર્વે અળગા રહે છે;
કરે વંદન મન વારંવાર વિશ્વંભરને. ભજ ભવતારણુ...૮
ધુંધુંમાર માનધાતા કાર્તિવીર્ય કહ્યા,
અજેપાળને ભરત પુરૂરવા જે થયા;
એવા સઘળે નિરૂપી નામના દુઃખ વામ્યા,
ચક્રવર્તિના ચારજતે તપથી પામ્યા;
એમ રેવા રટતાં દરસ્યા ગંગાધરને. ભજ ભવતારણુ...૯

જ્ઞાની, પંડિત કૌન હૈ.

સોઈ પંડીત સોઈ પારખ્ખી, સોઇ સંત સુજાન;
સોઇ સુતે સચેતસો, સોઈ સુભટ પ્રમાન.
સોઇ જ્ઞાની સોઈ ગુનીજન, સોઇ દાતા ધ્યાની;
તુલસી જાકે ચિત્તભઈ રાગદ્વેષકી હાની.

ભવસાગર ભજન (૧)

(રાગ-હાલરડાનો)

અંગ ઉઘાડે તું જનમીયો, સુત હાલરૂરે.
તારે જાવું અંતે નગન કાલા હાલરૂરે.
બાંધી મુઠીએ જનમીયો, સુત હાલરૂરે.
તારે જાવું ખાલી હસ્ત; કાલા ,,
મોહ માયાને મુકજે, સુત ,,
તું તો તેથી ન થઈશ મગન; કાલા ,,
પ્રીત ન બાંધીશ પ્રાણીઆ; સુત ,,
તારે રહેવું એકજ રાત, કાલા ,,
લક્ષ ચોરાશી રડવડયો; સુત ,,
તુંતો બહુ ઘેર કહેવાયો બાળ, કાલા ,,
જુદા તે સુત ને સુંદરી; સુત ,,

તારાં જુદાં તે આને તાત, કાલા હાલરૂરે.
હરિ ગુરૂ સંત સેવ્યા વિના; સુત ,,
તારો ન મટે જન્મનો ત્રાસ, કાલા ,,
પશુ થયો પક્ષી થયો; સુત ,,
તું તો વન ખંડ કરતો વાસ, કાલા ,,
આપ સ્વાર્થી સૌ મળ્યું; સુત ,,
તેમાં તારૂં કામ ન થાય, કાલા ,,
આ સંસારમાં શું દીઠું; સુત ,,
એ તો આવે ને વળી જાય, કાલા ,,
આગળ પાણી ઊંડાં ઘણાં; સુત ,,
તુંતો ચેતીને આગળ ચાલ, કાલા ,,
બળદની પેઠે બાંધશે; સુત ,,
પછી વહેવો ભવનો ભાર, કાલા ,,
પાંચ તત્ત્વનું પારણું; સુત ,,
જેમાં પોઢે શું સુખ થાય, કાલા ,,
જન્મ મરણનું ઘુંમણું; સુત ,,
તને પળમાં નાંખશે પાસ, કાલા ,,
ઉંચો નીચો જાતે થઈ; સુત ,,
તુંતો રાય ટળી થયો રંક, કાલા ,,
આ સૌ કામરૂ દેશ છે; સુત ,,
તને પ્રભાતે નાંખશે પાસ, કાલા ,,
રામ કૃષ્ણ જેમ જાગીયા; સુત ,,
તું તો નાશી શકાય તો નાશ. કાલા ,,

ભવસાગર (૨)

(અંતે એકલા જવાનું છે માટે કર્તવ્યમાં આરૂઢ થવા ઉપદેશ
નથ્થુરામ શર્માકૃત.)

(રાગ-ધોળ)

ઝટ તત્પર થાને તું જીવડા,
મૂકી જૂઠ જગત્ જંજાળ. આખર જવું એકલું. ૧
તન સુંદર દેખી શું મોહી રહ્યો,
અંતે એ તો થવાનું છે ખાખ. આખર... ૨
સગું સંબંધી કોઈ તારૂં નથી,
એ છે માયાનો મિથ્યાભાસ. આખર... ૩
જાણુ સ્મશાનમાં જઈ પોઢવું,
મેલી વિત્ત વાડીને વિલાસ. આખર... ૪
એ વેળા ન કોઈ કર ઝાલશે,
સાથે આવે ન ફુટી બદામ. આખર... ૫
સુત સુંદરી સર્વે દુરે થશે,
જેમાં લપટાયો આઠો જામ. આખર... ૬
વસ્ત્રાભુષણ વિવિધ પ્રકારનાં,
તજી તેવાં સાધન અનેક. આખર... ૭
પાપ પુણ્ય એ તારા પ્રસંગીયો,
નહિં છોડશે છેવટ છેક. આખર... ૮
ગત સમયના શોકથી શું વળે,
વળી ભાવિનો શો વિશ્વાસ. આખર... ૯
કર સદ્યપણે શુદ્ધ ભાવથી,
દીનાનાથમાં ઝટ નિવાસ. આખર... ૧૦

વિવેક—અવિનાશી આતમ અચલ જગતાતે પ્રતિકુલ,
ઐસો જ્ઞાન વિવેક હૈ સબ સાધનકો મૂલ.

વૈરાગ્ય—બ્રહ્મલોક લોં ભોગ જ્યાં ચહે સબનકો ત્યાગ,
વેદશાસ્ત્ર જ્ઞાતામુનિ કહત તાહી વૈરાગ.

માણસની પરીક્ષા

ધર્મ મિત્ર અરૂ નારી, આપત કાળે પરખીયે ચારી;
કસે કનકમણિ પારખ પાયે, પુરૂષ પરખીયે સમય સુભાગ્યે.

મનને ચેતવણી પદ (૧)

(છોટમકૃત-હરિભજન થકી)

ચિત્ત ચતુર સુજાણ તરવેણી તીરથ રે તારા તનમાં,
માંહે મંજન કરો (૨)* મનના મેલ ધોવાશે શુદ્ધ ચૈતનમાં...૧

ત્યાં ગંગાને જુમના વહે છે એ સ્વર મધ્યે સરસ્વતિ રહે છે,
તેનો ભેદજ વિરલા જન લે છે. ચિત્ત ચતુર સુ...૨

પૂરક કુંભકને રેચકમાં બ્રહ્મા વિશ્નુ શિવ છે તેમાં,
પરા શક્તિ અર્ધમાત્રા એમાં. ચિત્ત...૩

માંહે અક્ષર દેવ અનેકજ છે, અક્ષર વર્જિત પ્રભુ એકજ છે;
ગુરૂ ગમમાં વસ્તુ વિવેકજ છે. ચિત્ત...૪

જ્યાં ધન વિના વાદળ ગાજે છે ત્યાં વિધવિધ વાજાં વાજે છે,
ત્યાં રવિ વિના તેજ બિરાજે છે. ચિત્ત...૫

એ તીરથમાં જે જન નાહ્યા તે સૌ થકી શાણા કહેવાયા,
રહી અંગ થકી અળગી માયા. ચિત્ત...૬

જેને ભાવભક્તિ ઉપજે સારી તે આ તીરથના અધિકારી,
થાય નિર્મળ મન ત્યાં નરનારી. ચિત્ત...૭

એ તીરથમાં વસીયા વાસો તેને પરસતાં પાતક નાસે,
કહે છોટમ પ્રભુ મળશે પાસે. ચિત્ત...૮

---

* વચમાં ૨ (બગડો) કર્યો છે, ત્યાં બે વખત બોલવું.

(૨) ગદ્ય (કલ્યાણ માસિકમાંથી)

રે, ચિત્ત! દેખ યદી તુ કીસી સાધારણ રાજા યા ધનીકે દરબારમાં જાતા હૈ તો ઉનકે દરવાજે પર પહુંચતે હી દ્વારપાલ તુજસે કહતા હૈ, અભી મીલનેકા સમય નહીં હૈ. સ્વામી એકાંતમાં હૈ. ફીર દૂસરે સમય જાતા હૈ, તો કહતા હૈકી સ્વામી સોતે હૈ, મુલાકાત ન હોગી યદી ભિક્ષુક વહી દ્વાર પર બૈઠ રહતા હૈ. તો વહ કહતા હૈ યહાં મત બૈઠો. સ્વામી દેખેંગે તો નારાજ હોંગે અત એવ રે, ચિત્ત અબભી સાવધાન હો, ઔર સંસારીક લોગોં કે આશ્રયકી આશા ત્યાગ કર ઉસ જગત્પતિ પ્રભુ કે દરબારકી શરણ લે જહાં તો ન દ્વાર પર રોકને વાલા દ્વારપાલ હૈ, ઔર ન કોઈ કઠોર વચન સુનાને વાલા હૈ. પ્રત્યુત જો ઉસી ક્ષણ અનંત આનંદકો દેને વાલા હૈ.

(૩) ગદ્ય

વિષયી જનોનું અન્ન ખાવાથી મન મલીન થાય છે, અને મન મલીન થવાથી શ્રીહરિનું સ્મરણ રૂડે પ્રકારે થતું નથી. માટે પ્રભુ ઉપર વિશ્વાસ રાખી કોઈને ત્યાં નહિં ભટકતાં જે મળે તેમાં સંતોષ માની શરીર નિર્વાહ કરવો. આવતા કાલની ચિંતા કરવી નહિં. કારણ–સૂર્ય ભગવાન સર્વની ખબર લે છે.

(૪) કુંડળીઓ છંદ

મન સર્જન એક બાત વાત યા તુમસુ કહીએ,
તજી કામ, ક્રોધ, અભિમાન રામ રાખે ત્યાં રહીએ.
રામ રાખે ત્યાં રહીએ, શિરજુરા જમ ચોટ ન લાગે,
આત્મા કે અસ્થાન જોગ જરણા લઈ જાગે.
જન હરિદાસ નિરખે વસ્તુ અગહ અભિ અંતર લઈએ,
મન સર્જન એક બાત વાત યા તુમસુ કહીએ.

(૫) શ્રીમત્ મન પુષ્ટિકાર પત્રિકા–અથવા ગુરૂ શિષ્યનો સંવાદ

મેઘજી (શિષ્ય)—નમું ગુરૂ નરાસહને પડું પ્રભુને પાય,
મન સુધારવા મેઘજી શોધે શુદ્ધ ઉપાય.

પુરૂષોત્તમ (ગુરૂ)–મન પુષ્ટિકર પત્રિકા તણો પ્રત્યક્ષ પ્રકાશ,
વાંચી વિચારી વર્તતાં ઉર પ્રગટે અવિનાશ.
ચાહે મન મંદિરને ચાહે કરો સ્મશાન,
આ અવસર છે આપણો કરો પડે તે ધ્યાન.

મે૦—મન મંદીર જેવાં ને સ્મશાન જેવાં કેમ વર્તવાં ?

પુ૦—મન મલીન તે મેઘજી સ્મશાનનાજ સમાન,
પવિત્ર મન તે સમજવું સમર્થ તીર્થ સમાન.

મે૦—સ્મશાનમાં તો ભુતાવળ હોય તે મન મશાણમાં તો નથી ને ?

પુ૦—ભરી ભુતાવળ મેઘજી મન મશાણ મોઝાર,
કામ ક્રોધ મદ લોભ એ ભુતાવળ ભયકાર.

મે૦—સ્મશાનમાં ચિતા સળગે ને તેમાં મડદું બળે તેવું તો મન મશાણ નથી ને ?

પુ૦—ચિંતા રૂપ ચિતા બળે મન મશાણ મોઝાર,
આત્મા મડદાને દહે મળી સર્વ સંસાર.

મે૦—સ્મશાનમાં તો ડાઘુ પણ હોય ?

પુ૦—આત્મા મડદાને દીએ દુનિઆ દાધુ દાહ,
ચિંતા રૂપ ચિતા કરી સળગાવે ચોપાસ.

મે૦—કાષ્ટ કોને સમજવાં ?

પુ૦—વિષય આશ રૂપ કાષ્ટની ચિતા મન મોઝાર,
તેની જ્વાળાથી બળે મેઘા સૌ સંસાર.

મે૦—ધુમાડો કયો ?

પુ૦—ચિંતા રૂપ ચિતા તણો મન મશાણમાં વાસ,
અપકીર્તિરૂપ મેઘજી બાસ ઉડે ચોપાસ.

મે૦—સ્મશાનમાં તો આપણી શોધ કરવા માટે ચાંડાળ હંમેશાં ફર્યા કરે તે મન મશાણમાં કોણ ?

પુ૦—મન મશાણમાં નિત્ય ફરે આશા રૂપ ચંડાળ,
ખાંપણ વિષય ખોળવા કરે આળપંપાળ.

મે૦—સ્મશાનમાં તો દાટેલાં મડદાંને ખોદી કાઢીને ચુંથી નાંખનાર ઘોરખોદાં નામનું જાનવર રાત્રે દરરોજ આવે ને મડદાને ખોદી કાઢીને ચુંથી નાંખે એ જાનવર મનમાં કોને સમજવું?

પુ૦—મન મશાણમાં મેધજી ઘોર ખોદરૂપ કામ,
નિત્ય નિહાળે પરપ્રિયા ચહે સમાવા કામ.

મે૦—અને એવાં મન સુધારીને મંદિર જેવાં તથા તીર્થ જેવાં કરવા ધારે તે કેવી રીતે થઇ શકે?

પુ૦—હરિ સેવા વિણ મેધજી, મનધર બન્યું મશાણ;
માનસિક મંદીર શેવથી, નહિં તો નર્કની ખાણ.

મે૦—તેમાંથી ભુતાવળ કેમ જાય?

પુ૦—મન મશાણને ખીલી લ્યો, લઇને ખીલા ચાર;
હરિ સ્મરણ, સત્સંગ ને સદ્‌વાંચન, સુવિચાર.

મે૦—તેથી શું થાય?

પુ૦—મન મશાણને ખીલી લે, લઇને ખીલા ચાર;
તો ભુતાવળ ભાગશે, જીવ થશે ભવપાર.

મે૦—આત્મા મડદું (શબ) થયો છે, તેનું શું કરવું?

પુ૦—સંત મળી સજીવન કરે, મડદાંને મુળરૂપ;
બ્રહ્મરૂપ ભાસે પ્રગટ, આપે જ્ઞાન અનુપ.

મે૦—તે મશાણમાં રહેવાથી અપવિત્ર થઈ ગયો તે પવિત્ર કેમ થાય?

પુ૦—મન મશાણના સંગથી, તનમન મલિન થાય;
સંત વાણીરૂપ પાણીમાં, પડે પવિત્ર થવાય.

મે૦—તે સંતની વાણીરૂપ પાણીમાં નહાયાથી આપણું તન, મન કેવું થાય?

પુ૦—મન મંદીર તન તીર્થમાં, આત્મ ઉપાસક રામ;
મેધા તેને રામવિણ, લાગે અન્યન કામ.

મે૦—જો તીરથ જેવું તન, ને મંદીર જેવું મન થઈ જાય તો દ્વારકાં તીર્થમાં તો ગોમતીજી છે, તે સંતના સંગથી સંત થયેલાં તીર્થમાં કોને સમજવાં ?

પુ૦—સંત જ્ઞાન સુ ગો થકી, બુદ્ધિબળ વર્ણવાય,
તે માટે તે મેધજી, ગોમતીજી કહેવાય.

મે૦—તેનો અર્થ શું ?

પુ૦—ગો એટલે ઇંદ્રિય તેમાં શ્રેષ્ઠ જે જીવ્હા ઇંદ્રિય અને બુદ્ધિ મતિ તે મતિ પ્રમાણે જીભથી બોલાય માટે સંતની વાણી તે ગો અને મતિ વડે વહે માટે તે ગોમતી કહેવાય.

મે૦—ગોમતીજીમાં સ્નાન કરવાથી મોક્ષ મળે ?

પુ૦—વહે છે ગંભીર ગોમતી, સંત મુખેથી સાર;
લાખો લોકો નાહીને, પામે છે ભવપાર.

મે૦—શું તે સંતના મુખમાંથી ગોમતીજીમાં જળ વહે છે, તેમ જળ વહેતું હશે ?

પુ૦—વાણીરૂપ પાણી વહે, સંત તીર્થની માંહ;
મુમુક્ષુજન ત્યાં નાહીને, પડે પ્રભુને પાય.

મે૦—દ્વારકાં તીર્થમાં તો મોટું મંદીર છે ? તે પર મોટી ધજા છે ? સોનાનો કળશ છે ? અને દહેરા પર સુંદર નકશી છે ?

પુ૦—ચોટી છે મોટી ધજા, સંત શિખર પર સાર;
કનક કળશ મસ્તક સમજ, તિલક સુ નકશીધાર.

મે૦—તે દહેરામાં શ્રી રણછોડજી જોઈએ તે બતાવો તથા દર્શને દોડનારા વૈશ્નવોના સમુદાય પણ બતાવો.

પુ૦—મન મંદીરમાં મુળ પુરૂષ, પ્રગટ રૂપ દેખાય;
દોડે દર્શન કારણે, ઈંદ્રિયોનો સમુદાય.

મે૦—દ્વારકાંધીશના દહેરાંની આસપાસ તો અગરના ધુપની સુગંધી ફેલાઈ રહી છે ?

પુ૦—અગર રૂપ સંતોષનો, મન મંદીરમાં વાસ,
સુકીર્તિરૂપ સુગંધની, વાસ ઉડે ચોપાસ.

એ૦—દ્વારકામાં તો ઠાકોરજીને વારંવાર ભોગ ધરાય છે, તેની આગળ મશાલ તથા છડીદાર હોય છે, અને ગંભિર ઘંટના ઘોષ થાય છે, પછી આરતી, નોબત, ઝાલર, શંખનાદ વગેરે થાય છે, જળની ધારાવાડી દેવાય છે, ને છેવટે પુષ્પાંજલિ થાય છે, તે પછી પ્રભુશ્રી પોઢે છે, તેવો ઠાઠ સંત રૂપી તીર્થમાં બતાવો?

પુ૦—ભોગ સદા સંયોગનો, શંખ શબ્દ ૐકાર,
આરતી અખંડ ધ્યાનની, પ્રેમાશ્રુ જળ ધાર.

એ૦—ઠીક, ભોગ આવ્યો પણ મશાલ, છડીદાર ને ઘંટનો ઘોષ કયાં?

પુ૦—સુમતિ મશાલ સદાય છે, મન મંદીર મોઝાર;
ઘંટ ઘોષ હરિૐ તે સત્‌વિચાર છડીદાર.

એ૦—ભોગ આરતી સાથે નોબત, ઝાલર તથા પુષ્પાંજલિઓ કયાં?

પુ૦—નોબત નટવર નામની, ઝાલર જય ઉચ્ચાર;
પ્રેમ રોમ પુષ્પાંજલિ, પોઢે પ્રાણાધાર.

એ૦—ભગવાન તો મખમલની મશરૂની તળાઈ પર પોઢે છે, ને સંત શેમાં પોઢે છે?

પુ૦—શ્રી હરિના ધ્યાનમાં.

એ૦—તેથી શું થાય?

પુ૦—પાપ પુરાનાં પરજળે, મળે મહા સંતોષ;
જીવન મુક્ત બન્યો રહે, ગ્રહે નહિં ગુણદોષ.

એ૦—તેવું થવાથી શું પરિણામ આવે?

પુ૦—છેલ્લી દેહ પુરી કરે, ફરી ધરે નહિં દેહ,
આપે ઈશ્વર રૂપમાં, એકાકાર આ દેહ.

મે૦—ગોમતીજીના જળમાં નહાવાથી ખસ મટી જાય છે, અને નાહ્યા કરે તેને કદી ખસ થતી નથી, તેમ સંત તીરથમાં નહાવાથી ખસ મટે ખરી ?

પુ૦—આશા તૃષ્ણા ખસ જુઓ, જડા મુળથી જાય,
પાછી કદી પીડે નહિં, મન મંગળમય થાય.

મે૦—દ્વારકાં જવું હોય તો સ્ટીમરની ફી બેસે છે અને ગોમતીજીનો કર ચુકવવા નાણાં હોય તો નહાવાય તેમ સંત તીર્થે જવાની ફી અને ગોમતીજીમાં નહાવાનાં નાણાં તો નથી બેસતાંને ?

પુ૦—બેસે છે. મે૦—કેવી રીતે ?

પુ૦—ફુરસદ રૂપી ફી વિના, સંત તીર્થ ન જવાય;
નવરાશ રૂપ નાણાં વિના, સંત તીર્થ ન નહાવાય.

મે૦—એવા સંતના સંગથી સંત કેમ થવાય ?

પુ૦—માસ્તરના સંગથી માસ્તર થવાય તેમ.

લાવણી

ધણી ધણા શિર ધારે, તે તો વેસ્યા સમ લેખાય;
સાચી પ્રીત નહિં એકે પર, સ્વાર્થ સરે ત્યાં જાય.
ઘરોઘર ખાલી ગોથા ખાય, ધણી તો એક છે જગમાંય;
પાંચ સાત પ્રભુ કદી હોય નહિં, તે વળી સર્વ સમાન.
જો મન નારીકી ઓર નિહારત તો મન હોવત નારી સ્વરૂપા,
જો મન રામકી ઓર નિહારત તો મન હોવત રામહી રૂપા.

વિષયને ચાહે તો વિષયી થાય, ને શ્રી હરિને ધ્યાયે તો શ્રી હરિ સમ થાય. એ કીટ ભ્રમરે ન્યાય બતાવ્યો છે.

રામ નામકો અંક હૈ, ઔર સાધન સબ શૂન્ય;
અંક વિના કુછ હોત નહિં, અંક મીલે દશ ગુન્ય.

ગીતિ—યુવતિ પાવક કુંડે કઠણ, તથાપિ માખણ પુરૂષ ખરે;
પાસે વસતાં પીગળે, એમાં કોઈ કદી ન વિવાદ કરે.

ગુરૂનું જ્ઞાન હૃદયમાં ઠસ્યાની પરીક્ષા

(રાગ–ગઝલ)

જો ગુરૂનું જ્ઞાન તારા હૃદયમાં રહ્યું,
ત્યારે તો અવિદ્યા મુળ કેમ નથી ગયું.
મોહમદ દ્વેષ કલેશ જો નથી ટળ્યા,
ત્યારે શું જણાય જે સદ્‌ગુરૂ મળ્યા. જો ગુરૂનું...૧
મલિન વાસનાજ તારી જો નથી જતી,
ત્યારે તારી શાથી થાશે અંતે સદ્‌ગતિ. જો ગુરૂનું...૨
અર્કને અંધારૂં એક ઠામ નવ મળે,
થાય જ્ઞાન તો અવિદ્યા વેગળી પડે. જો ગુરૂનું...૩
મહા માન માટે સુણે ગ્રંથની કથા,
જ્ઞાનને વૈરાગ્ય વિના તે સૌ વૃથા. જો ગુરૂનું...૪
નીતિપંથ ચાલતાં જો સત્ય ના ચળે,
છોટમ એવા સાધુને તો શ્રીહરિ મળે. જો ગુરૂનું...૫
રામ ત્યાં નવ કામ ભાસે, કામ ત્યાં નવ રામ ।
તુલસી દોનું ના મીલે, રવિ રજની એકઠામ ॥

દેહ સંબંધી વર્ણન

પૃથ્વી છે તે નારીજાતિ છે અને પુરૂષ છે તે નર છે. પૃથ્વી તે આ દેહ અને પુરૂષ કહેતાં પ્રાણવાયુ એવી રીતે દેહથી નોખો હોવા છતાં પોતાનો માનીને રક્ત માંસનો ભરેલો જે સ્ત્રીનો દેહ છે, તેના ઉપર આશક્ત થઈને મૂરખ પોતાના નાશને માટે પતંગીયાની માફક તેના રૂપ ઉપર મોહ પામે છે. પતંગીઉં જેમ દીવાને સારો જાણી તેમાં પડી પોતાનો પ્રાણ ગુમાવે છે. તેમ માણસ પણ પોતાની મેળે પોતાના નાશને અર્થે સ્ત્રી ઉપર આશક્ત થાય છે.

હનુમાનને વાનર કેમ કહ્યા ?

એ કાંઈ વાંદર નહોતા પણ તેની વ્યુત્પત્તિ કરતાં વા+નર=

વાતે નર છે અને પૃથ્વી રૂપી દેહ નારી જાતિ છે. હવે પાંચ ભૂત પૈકી ત્રણ રહ્યાં તે જળ, તેજને આકાશ આ નપુંસક છે.

પુરૂષને સ્ત્રીના સંયોગથી આ બધું જગત્ ઉત્પન્ન થયું છે. પવન દસ્ય નથી પણ અનુમાન પ્રમાણુથી જણાય છે–તેથી હનુમાન નામ પડયું છે, ને બધો વિસ્તાર તે તેનું પૂછડું છે.

(૨) (રાગ–લાવણીની ચાલ–સવૈયા.)

ચોવીસ તત્ત્વ શરીરમાં છે, પચીસમો આત્મા તે સાથ;
આત્મા રાજા ચોવીશ નોકર, આપણુ છે નાનકડું રાજ.
મન બુદ્ધિ ચિત્ત અહંકાર, એ ચાર મંત્રી રાજાની પાસ;
તેમાં પણુ મન મુખી સૌમાં, વળી દીવાની એની ખાસ. ૧
કાન, ચામડી, આંખ, જીભને, નાક પાંચ જ્ઞાનેંદ્રિ તે;
જાહેર કરવા એ જાસુસો, બહાર ઉઘાડા ઉભારે;
વાણી હાથ પગ ગુદા ઉપસ્થ, એ ખીદમતગાર કરે તુજ કામ;
પાંચ ભૂત ને તન માત્રાના, મહેલ વિષે સૌનો મુકામ. ૨
એ મહેલમાં શી શી ખૂબી કીધી પેદા કરનારે,
ચૂલ્હો ઘંટી ચાલે ખાસાં, આવે હવા હવા દ્વારે;
માંહે નગારાં માંહે અરીસા, કોઠી અન્ન ને પાણીની,
ઘટા વૃક્ષની બહાર શોભતી, કહીં મોટીને કહીં નાનીઃ ૩
નદીઓ ચાલે મહીં ધમધમતી, નીકો તેમાંથી વહેતી,
બારી બારણાં ભભક ઉપરનાં, રંગ તણી જુદી દેતી;
બારીક કામ કીલ કાંટાનું, યંત્ર ગોઠવ્યું કળા કરી;
એ તન મહેલ ઈંદ્રિ નોકર, પર આત્માની માલકી ધરી. ૪
આત્મા માલીક તો સાચો પણ પ્રભુ પાસ પરતંત્ર જ છે ?
સોંપ્યું છે આ રાજ શરીરનું, એણે નવ તેમાં મીન મીખ;
એ રહેવા દે ત્યાં સુધી રહે, કાઢે કે ઝટ જવું પડે;
રહેવામાં પણ એજ રાજમાં, સુખ આવે ને દુઃખ નડે. ૫

નોકર હાથ પડાવી લેકે, આત્મા દુઃખીયો થાય અતિ;
જાસુસ આંખ જાયકે, આત્માને લાગે ભારે વિપત્તિ;
બીજાં એણે રહેવા દીધાં, તેનો તો નવ માને પાડ;
ઓછો નોકર એક કર્યો, કેમ રાત દિવસ એવી દે રાડ. ૬

સાફ જવું તો પછી જરાએ, સુસ્તી જો કો કદી કરે;
તો આત્મા કચવાય અતિશય, વ્યાકુળ દુખીયો બની ફરે,
અટકે પગ ધીમો હીંડે કે, આત્મા જાણે સર્વ ગયું,
બીજાં બધાં હજુ રાખ્યાં છે, એ સપાડું જાય વહ્યું. ૭

આ રીતે જ્યાં સુધી અનુકૂળ ત્યાં સુધી તન સુખીયું રાજ,
પણ ક્ષણ પણ જ્યાં પ્રતિકૂળ થાય કે બને નઠારૂં દુઃખસમાજ
મહેલ ધણી અનુકૂળ હોય તવ જેલ ધણી પ્રતિકૂળ થયે;
તેમ થવામાં ત્રણ બાબતો જન જેને ત્રિતાપે થયે. ૮

ત્રયતાપ

પ્રથમ તાપને વ્યાધિ કહે છે, ખામીએ તન મહેલતણી;
ફરક પડે કીલ કાંટેકે, અટકે કો નોકર વિરૂદ્ધ બણી;
રોગ કહાડે દરદ થયું કહો, વાતપિત્ત કે કફમાંથી,
આત્માને પીડે છે વિધવિધ નર્કસમી વસમી વ્યાધિ. ૯

બીજું દુઃખ તે ગણો ઉપાધિ, જે બીજા કોથી કાંઇ થાય;
ઈંટ પડે ને વાગે કે, કો ખુદ આવીને મારી જાય;
જડ કે ચરપણ બીજાથી, જે પીડા તનને વ્યાપે છે,
તે પણ વ્યાધિના સમાન, દુઃખ આત્માને મસ આપે છે. ૧૦

આ બે દુઃખ તો જાહેર દીસે, અણુવા કેફ પણ ઝટ જાણે;
પણ ત્રીજું દુઃખ આધિ, તે વાકેફગારજ પરમાણે;
મરે સગું કે જાય ઇજ્જત, ધન ભય આવે કે ચિંતા થાય,
એવા માનસિક દુઃખથી તો, આત્મા સૌથી મસ પીડાય. ૧૧

સુખ-દુઃખ

આ ત્રણ તાપ શરીરની સાથે, લાગેલા સર્વ સમજો;
કંઈ વધતા કહીં ઘટતા, પણ એ વિના કોઈપણ નવગણજો;
એ કષ્ટોનું થડ શરીર છે, તો પણ તે પર છે મસચાહ;
વિવિધ પ્રકાર તેમના જુદા, લેખે વિચારે ના વ્યથા. ૧૨

કારણ એ દુઃખની સંગાથે, સુખ પણ બહુએ આવે છે;
તેના પણ પ્રકાર વિધવિધ છે, તે જનને લલચાવે છે;
દુઃખમાંથી જ ઉપજતાં, તેનો દુઃખમાં છેડો આવે છે,
તો પણ વચલા સુખને, સારૂ તે આત્માને ભાવે છે. ૧૩

ટુંકામાં કહીએ તો દુઃખને, સુખની વ્યાખ્યા આ રીતે;
તન મનને અનુકૂળ સુખ, જાણો પ્રતિકૂળ દુઃખ નક્કી છે;
બંને ભોગવનારો આત્મા, બંને આવે જાય સદા,
કયાંહી વધુને કયાંહી ઘટુ, પણ જ્યાં જુઓ ત્યાં એજ પ્રથા. ૧૪

શંકા—પ્રશ્ન કર્યો એ સુણી વચન કે પ્રભુ તો પરમદયાળુ છે;
ત્યારે તેણે આત્માને શીદ આવું શરીર આપ્યું છે;
વળી પ્રભુ ન્યાયી છે ને શીદ એક સુખીને એક દુઃખી;
ઉત્તરમાં શ્રી ગુરૂપ્રતાપે સાંભળ વિગત કહું ટુંકી. ૧૫

સમાધાન—સુખ દુઃખનું કારણ કર્મ છે

જે કંઇ કરીયે તે ત્રણ રીતે કરીયે છીયે સૌ આપણ,
કાયિક, વાચિક અને માનસિક એ ત્રણ રીતે તું ગણ;
મનમાં જે મનસુબો કરીયે માનસિક તે કહેવાતું,
વદીયે તે વાચિક શરીરથી કરીયે તે કાયિક થાતું. ૧૬
જુવે પાંચ જાસુસમાંથી કો ઝટ આત્માને ખબર કરે,
ચાર પ્રધાન મળીને તે ઉપરથી નિશ્ચય એક ધરે;
સ્વીકાર કીધું તે જીવેકે થયું માનસિક કૃત્ય તુરત,
બહુધા માનસિકમાંથી નીપજે છે કાયિક વાચિક કૃત. ૧૭

આ બે દીઠી સુની દોલત ખબર જીવને ઝટ દીધી,
બુદ્ધિ ચિત્ત આદિથી ત્યારે મને સંતલસ ત્યાં કીધી;
આત્માએ તે માન્યું કે લઈ લેવી તે મિલ્કત છાની,
માનસિક એ કૃત્ય થયું આ દષ્ટાંતે લે જાણી. ૧૮
આત્મા હુકમ કરે અવયવને તે ઝટ જઈ ઉપાડી લે,
કાયાથી એ થયું કૃત્ય તે માટે તેને કાયિક કહે;
આત્મા તે દોલત લઇ લેવા હુકમ અવર નરને આપે,
તો તે કૃત્ય કર્યું વાણીથી વાચિક કૃત્ય જુઓ આ છે. ૧૯
આ ત્રણ વિના ન બીજી રીતે કે જેથી કો કશું કરે,
ત્રણ રીતે સારૂં સૌ થાતું નરતું પણ સૌ થાય ખરે;
ત્રણ પ્રકારનાં સર્વે કામો સારાં નરતાં તમામ થાય,
કર્મનામ એ સઘળાનું દઈએ તે પણ સૌથી સમજાય. ૨૦
એવાં કર્મ સર્વ કો જગમાં કરે જાય છે રાત દિવસ,
તન નવરૂં તો મન ગુંથાયેલ નિત્યે રહે કર્મને વશ;
કર્મ તણી ઘટમાલ ચક્રસમ સારી નરતી ચાલી જાય,
વિશ્વ વિષે જીવ માત્ર જુઓ સહુ સદા કર્મ કરતા દેખાય. ૨૧
ફળને કાજ કરે છે કર્મો તેમાં પણ સારાની આશ,
સારાથી ફળ સારૂં આવે માઠા કર્મે થાય વિનાશ;
પ્રશ્ન થયો એવું હું માનું કેમ નથી મુજને વિશ્વાસ,
સુખ મેળવવા કરે પ્રપંચો જગમાં સૌ જન બારે માસ. ૨૨

ટુંકી દૃષ્ટિ

જુઓ જગતમાં ઘેરઘેર સહુ સઘળે એજ રીતે ફાવે,
ધર્મીને ઘેર ધાડ ભાઇ આ પ્રપંચની દુનીયા કહાવે;
બધે દાખલા એવા મળશે કસાઈને ત્યાં કુશળ દીસે,
જેમ વડા તેમ અધિક પ્રપંચી ઠામોઠામે વિશ્વ વિષે. ૨૩
કંઇક બિચારા ભકતો ખુદ દુઃખથી અકળાતા બબડે છે,
દુષ્ટોને મૂકીને ઇશ્વર અમને તે શીદ કનડે છે;

જુઓ ફલાણો મહા પ્રપંચી છે તેને આડી વાડી,
પેલો ભગત ભીખ માગે નથી રહ્યું કોઈ પછાડી. ૨૪
જોયાં એવાં બહુ દૃષ્ટાંતો તેથી ભ્રાંતિ ઉરમાં થાય,
ખેલ પ્રભુનો અકળ ભાઈ છે ખરી વાત શું તે ન જણાય;
કોણ જાણે છે ધર્મી તરશે અહીં તો અમે ન કાંઈ દેખ્યું,
ખાધું પીધું એજ આપણું પાછળનું પાછળ લેખું. ૨૫

સમાધાન-લાંબી દૃષ્ટિ

વાત ખરી આ જગમાં એવી જોતાં જરૂર જણાયે છે,
ભક્ત સુનીતિવાળા દુઃખીયા તનધનથી દેખાયે છે;
ટુંકું જોતાં જુઠ પ્રપંચે મોટો લાભ જણાયે છે,
પણ જો તું લાંબી નજરે તો સાચું સમજાયે છે. ૨૬
સારૂં કર્મ કરે ને તેનું ફળ પામે નરતું તે જન,
અક્કલથી તું વિચાર કરને કહે હા પાડે છે તુજ મન;
મનમાં તો આવે કે નાવે પણ નજરે સર્વે દેખે,
એનો જો સંશય આણે તો તેનો આમ ખુલાસો છે. ૨૭
હું મોતી લાવું એવું કહી દરિયામાં ડુબકી કો દે,
ઝટ ન નીકળે ત્યારે તું કહે ડુબી ગયો સર્વે જોતે;
સહુએ જોયું કે ડુબ્યો એતે વખતે તો સાચી વાત,
સારૂં કરતાં દેખ્યું કે હા કીધી એણે પોતે ઘાત. ૨૮
એમ વદીને ચાલ્યો જાને માન પછી કે ડુબી ગયો,
તો તો તેં જોયું તેવું તું માને એમાં શક ન રહ્યો;
પણ જ્યારે હું તુજને રોકીશ કહીશ ઘડી ભર ઠેર ચહી,
અવધ થયા વીણ કર્મ તણો બદલો કોઈ પામેજ નહિં. ૨૯
તું ઠેરીશ ઘડી જોવાતો ઘડી પછી તે નીકળશે,
મોતી અમુલ્ય બહાર કાઢશે ત્યારે તુજ સંશય ટળશે;
ડુબ્યો જોયો એ પણ સાચું ફરી નીકળ્યો એ પણ સત્ય,
કર્મ કરે ને બદલો પામે એની પણ એવી છે ગત્ય. ૩૦

ભજન ૧ (મીરાંબાઈ)

સાખી ૧ થી ૫

સખી ચિદધન દષ્ટિ આયા કહાં ગયા,
નામ ઔર રૂપ ક્રિયા પતા નહિં પાયા. સખી. ૧
સૌ મિથ્યા કૃતકો સત્ય માનીને અબલગી જીવકો જલાયા. સખી. ૨
યહમેરા યહમેરા યું કરકર એંત અજ્ઞાન બઢાયા. સખી. ૩
સદ્દગુરૂ મીલેસો અંજન આંજ્યા જ્યું કાત્યું દરશાયા. સખી. ૪
અંતર બહાર પ્રિયા કો દેખી મન અગસબ દુઃખ વીસરાયા. સખી. ૫

(૨)

રામ રમકડું જડીયુંરે રાણાજી મને રામ રમકડું જડીયું.
કારજ મારૂં સરીયુંરે રાણાજી મને રામ રમકડું જડીયું. ૧
રૂમઝુમ કરતાં મારે મંદીર પધારો વહાલા (૨)
નહીં કોઈના હાથે ઘડીયુંરે રાણાજી મુને રામ રમકડું જડીયું. ૨
મોટા મોટા મુનિજન મથીમથી થાક્યારે.
કોઈ એક વિરલાને હાથે ચડીયુંરે. રાણાજી મુને-રામ૦-૩
સુન શિખરનારે ઘાટના ઉપર વહાલા,
અગમ અગોચર નામે ચડીયુંરે. રાણાજી મુને-રામ૦-૪
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરનાગુણ વહાલા,
હુંતો શામળીયા સાથે પરણ્યુંરે. રાણાજી મુને રામ૦-૫

તત્ત્વમસિ સંબંધી પદ-૧

(રાગ પુનમ ચાંદની)

સતસંગીઓ આજનો ઉજાગરો આનંદ અતિઘણોરે,
ગુરૂજીએ ઓળખાવી મારી આદ્ય આનંદની જાત,
જેથી જાણ્યું જે આ તત્ત્વમસિ તે તુંજછેરે......૧

સાખી ૧

તત્પદત્વંપદ તે તજી અસિપદમાં વિશ્વાસ,
નિશ્ચય પદ મહા વાક્યનું ઠરતાં બુઝે પ્યાસ;
આશા તૃષ્ણા મારે સતગુરૂ સંગે ના રહેરે (૨)
એવો આનંદપદ એક બ્રહ્મતણો વિલાસ. જેથી જાણ્યું......૨

સાખી ૨

પ્રથમ વિવેકી વાધીયા પુરા પ્રેમીજન,
શીલ સંતોષ દયા ઘણી નિર્મળ જેનું મન,
એવા હરિજન હરિથી જે જુદા જાણે નહિરે.
વંદે સ્વામી ચરણે સત્યાસત્યનો વિચાર. જેથી જાણ્યું...૩

સાખી ૩

પ્રેમ પંથ પાવક ઝરે જ્ઞાનશક્તિ જો થાય,
ઝરત ઝરત ઝાલી પડે તો ચકોર રૂપ હોઈ જાય,
જે હોય સાકર ગ્રાહક લીંબ કડવો શું કરે રે,
આ છે અધિકારી રસ કાગ ધરાખ ન ખાય. જેથી જાણ્યું...૪

સાખી ૪

ચંચળ મન જો સ્થિર રહે કાયર શીદ્ધ તબ હોત,
સૂરા સંત ગ્રાહક બને પૂરણ પ્રકાશે પોત.
સાચા સંતમીલે દરશાવી દેવે ફારશી રે,
શેવો બ્રહ્મવેત્તા દાતાના થઇને દાસ. જેથી જાણ્યું...૫

સાખી ૫

આજે આનંદ હે સખી કોટી દિવાળી મન,
સંયમ ભાનુ લબકીયો ન મળે રાત કે દન.
સુરતા સાધી જેની ધ્રુવ વૃત્તિ ચળતી નથીરે,
ગુરૂ કાશીગર મળતા મુળશંકર કાય. જેથી જાણ્યું...૬

સાખી ૬

કાળ ન ખાય કોઇને પણ પેઠી અજ્ઞાન જાળ,
સાંભળે વાતજ મોતની પડે પેટમાં ફાળ;
આત્મા સદા અમર છે કહો ખાનાર તે કોણ,
જડને કહે જા તું મરી અચરત દીઠું આણ. ૧

અર્થ—જો સત્ય બોલાવો તો કાળ છેજ નહિ, છતાં અજ્ઞાનીને સીધા મારગે દોરવા તેવો મિથ્યા ભય ઘાલી જુદો કલ્પી લેવામાં આવ્યો છે, ને તે ખાય છે, તેપણ તેવું મિથ્યા સમજવું. જેમ નાના બાળકને કોઠીમાંથી વાઘ લાવી કરડાવવામાં આવે છે, તેના જેવું એમાં પણ સમજવું.

સોરઠો

સંશય મન કર માનવી સંશય એજ સંસાર,
તેને તું દે પરહરી સેજે ઉતરીશ પાર.

કારણકે જગતમાં ભગવાન સિવાયની કાંઇ વસ્તુ નથી, ને જે જુદા રૂપે દેખાય છે, તે ભ્રમ માત્ર છે.

કેવા જીવનને ધન્ય છે તે સંબંધી ભજન.

(રાગ ધોળ)

પ્રથમ વર્ણાશ્રમ ધર્મ પાળતાં, કીધાં, જપ વૃત દાન અનેક
જીવ્યું ધન્ય તેહનું...૧
તેથી હરિભક્તિ ઉર ઉપની જાણ્યો, સાચા સ્વામી એક. જીવ્યું...૨
તેથી તિવ્ર વૈરાગ પ્રગટ થયો, ગઇ ભોમવાસના દૂર જીવ્યું...૩
જડ ચૈતન શુદ્ધ વિવેકથી, જાણ્યા જુજંવા જમ તમ સુર જીવ્યું...૪
દશ ઇંદ્રિયો જેણે વશ કરી, જીત્યા મન બુદ્ધિ ચિત્ત અહંકાર જીવ્યું...૫
ઉપરથી મન પામ્યું સર્વદા, ના કરે કાંએ વિષે વિચાર જીવ્યું...૬
સુખથી ઉછરંગ મન નવ ધરે, ભે દુઃખથી પામે ન લગાર જીવ્યું...૭

વિશ્વાસ ગુરૂ વેદાંતમાં દઢ કરીને ચિત્ત રાખે ઠાર જીવ્યું...૮
નિજરૂપ જાણવાને ચિત્ત ધર્યું એકાગ્રપણે દિનરાત જીવ્યું...૯
એક મોક્ષની ઇચ્છા મન વિષે, બીજી કાંઈ ગમે નહિં વાત જીવ્યું...૧૦
સેવે શ્રીગુરૂ દેવને હેતશું, કરે નિકટ એકાંતે વાસ જીવ્યું...૧૧
કરે શ્રવણ મનન વેદાંતનું અહરનિશ, વાસ એજ અભ્યાસ જીવ્યું...૧૨
મહા વાકય વિચારતાં સુડીએ રહ્યું, ચેતન સર્વાં વાસ જીવ્યું...૧૩
જીવ ઇશ્વિર ઉપાધિઓ પરહરી, નિજરૂપ લહ્યો ટળ્યો દાસ જીવ્યું...૧૪
પંચકોશના પડદા ટાળીયા, પામ્યો જળહળ જ્યોત પ્રકાશ જીવ્યું...૧૫
પંચભુતનાં પુતળાં પરહરી, જાણ્યો સૂત્રાત્મા સુખરાશ જીવ્યું...૧૬
ત્રણ ગુણના દેવની એકતા જાણ્યો બ્રહ્મપ્રણવનો જાપ જીવ્યું...૧૭
ધ્યાતા ધ્યાન ધ્યેય વૃત્તિ પરહરી, રહ્યો ધેહ નિરંતર આપ જીવ્યું...૧૮
પુણ્ય પાપનાં ત્રાજવાં તોડીયાં, મેલ્યો વધઘટનો વ્યાપાર જીવ્યું...૧૯
કર્મકાંડનાં કાટલાં પરહરી, પામ્યો જ્ઞાન અખુટ ભંડાર જીવ્યું...૨૦
ખટશાસ્ત્રનાં ખોટાં રાજવી, કાઢયા કરતા કુડાવાદ જીવ્યું...૨૧
થાણું એઠું વેદાંત ભોપાળનું, ઉઠે અનહદ નોબત નાદ જીવ્યું...૨૨
હેંડે જ્ઞાન ગગનમાં મલપતા છુટયા મોહમાયાનાં પાશ જીવ્યું...૨૩
તુર્યાપદમાં વરતે સદા, અજ્ઞાન થઈ ગયું નાશ જીવ્યું...૨૪
સંસાર સમુદ્રને શોધીયે, સુખસાગર લહેરી અપાર જીવ્યું...૨૫
વસે અડસઠ તીરથ અંગમાં, દેવ ઓચરે જયજયકાર જીવ્યું...૨૬
પરાપાર રહે તે પ્રેમશું, મુખ બોલ બોલે અમોલ જીવ્યું...૨૭
અણુસમજુની આળ ગણે નહિં, જેમ કરીવર ઉપર ફૂલ જીવ્યું...૨૮
તેનો કાળ તે કિંકર થઇ રહ્યો, મૃગ તૃષ્ણાના જળ ત્રણલોક જીવ્યું...૨૯
જેને ચરણે તે શીશ નમાવતાં, ટળે ત્રિવિધિતાપ ઉર શોક જીવ્યું...૩૦
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ જેમ કેદી કોક જીવ્યું...૩૧
ભાસે બ્રહ્મ કલ્લોલા તે સર્વદા, ચાર ખાણુને ચૌદે લોક જીવ્યું...૩૨
પુનરપિ રજનિ પુનરપિ દિવસઃ પુનરપિપક્ષઃ પુનરપિ માસઃ,
પુનરપ્યયનં પુનરપિ વર્ષં તદપિ ન મુઞ્ચત્યાશામર્શં. ભજગો૦ ૯
વયસિગતે કઃ કામવિકારઃ સુષ્કે નીરે કઃ કાસારઃ,
નષ્ટે દ્રવ્યે કઃ પરિવારો જ્ઞાતે તત્ત્વે કઃ સંસાર. ભજગો૦ ૧૦
નારી સ્તનભર નાભિ નિવેશં મિથ્યા માયા મોહાવેશં,
એતન્માંસ વસાદિવિકારં મનસિવિચારય વારંવારમ્. ભજગો૦ ૧૧
કસ્ત્વં કોડહં કુતઆયાતઃ કામે જનની કોમે તાતઃ,
ઇતિ પરિભાવય સર્વં સારં વિશ્વંત્યકત્વા સ્વપ્નવિચારં. ભજ૦ ૧૨
ગેયં ગીતા નામ સહસ્ત્રં ધ્યેયં શ્રીપતિરૂપ મજસ્ત્રં,
નેયં સજ્જન સંગે ચિત્તં દેયં દીનજનાય ચ વિત્તં. ભજ૦ ૧૩
યાવત્ જીવો નિવસતિ દેહે કુશલં તાવત્પૃચ્છતિ ગેહે,
ગતવતિ વાયૌ દેહાપાયે ભાર્યા બિભ્યસ્તિ તસ્મિન કાયે. ભજ૦ ૧૪
સુખતઃ ક્રિયતે રામાભોગઃ પશ્ચાદ્હન્ત શરીરે રોગઃ,
યદ્યપિ લોકેમરણં શરણં તદપિ ન મુઞ્ચતિ પાપાચરણં. ભજ૦ ૧૫
રત્થ્યાચર્પટ વિરચિત કન્થઃ પુણ્યા પુણ્ય વિવર્જિત પંથઃ,
નાહં નત્વં નાયં લોકસ્તદપિકિમર્થં ક્રિયતે શોકઃ. ભજ૦ ૧૬

કુરૂતે ગંગા સાગર ગમનં વ્રત પરિપાલન મથવા દાનં,
જ્ઞાન વિહીને સર્વં મનેન મુક્તિર્નભવતિ જન્મ શતેન. ભજ૦ ૧૭

ટીપ—જ્યાં ડ જેવું ચિન્હ હોય ત્યાં અ વાંચવો. સંધિના નિયમના આધારે આવું ડ ચિન્હ થાય છે.

શ્રી ગણેશાય નમઃ **કાશીપંચક**

મનોનિવૃત્તિઃ પરમોપશાંતિઃ સાતીર્થવર્યા મણિકર્ણિકાચ,
જ્ઞાનપ્રવાહા વિમલાદિગંગા, સાકાશીકાહં નિજ બોધરૂપા. ૧
યસ્યામિદં કલ્પિત મિંદ્ર જાલં, ચરાચરંભાતિ મનોવિલાસં,
સચ્ચિત્સુખૈકા પરમાત્મરૂપા, સાકાશીકાહં........ ૨
કોશેષુ પઞ્ચસ્વધીરાજમાના, બુદ્ધિર્ભવાની પ્રતિદેહ ગેહં,
સાક્ષી શિવઃ સર્વગણોન્તરાત્મા, સાકાશીકાહં........ ૩
કાશ્યાંહી કાશ્યતે કાશી કાશી સર્વ પ્રકાશીકા,
સાકાશી વિદિતા યેનતેન પ્રાપ્તાહી કાશીકા........ ૪
કાશીક્ષેત્રં શરીરં, ત્રિભુવનજનની વ્યાપિની, જ્ઞાનગંગા ભક્તિઃ
શ્રદ્ધા ગયેહં નિજ ગુરૂચરણ ધ્યાન યોગઃ પ્રયાગઃ
વિશ્વેશોડયં તુર્યઃ સકલ જનમનઃ સાક્ષી ભૂતોડતંરાત્મા,
દેહે સર્વં મદીયે યદિ વસતિ પુનસ્તીર્થમન્યત્કિમસ્તિ.... ૫

શ્રી ગણેશાયનમઃ **નિર્વાણષટકમ્**

મનો બુદ્ધહંકાર ચિત્તાની નાહં, નચ શ્રોત્ર જિવ્હે નચ ઘ્રાણ નેત્રે;
નચ વ્યોમ ભૂમિર્ન તેજો ન વાયુ, શ્ચિદાનંદરૂપઃ શિવોડહં શિવોડહમ. ૧
ન ચ પ્રાણ સંજ્ઞો ન વૈ પંચવાયુ ર્નવા, સપ્ત ધાતુર્નવા પંચ કોશઃ
ન વાક પાણિપાદં નચોપસ્થપાયુ. શ્ચિદાનંદ૦ ૨
નમે દ્વેષ રાગૌ નમે લોભ મોહૌ, મદો નૈવમે નૈવ માત્સર્ય ભાવ;
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ. શ્ચિદાનંદ૦ ૩
ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં, ન મંત્રો ન તીર્થં નવેદાન યજ્ઞાઃ;
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા. શ્ચિદાનંદ૦ ૪

ન મૃત્યુ ન શંકા નમે જાતિ ભેદઃ; પિતા નૈવમે માતા ચ જન્મ;
ન બંધુર્ન મિત્રં ગુરૂ નૈવ શિષ્ય. શ્ચિદાનંદ૦ ૫
અહં નિર્વિકલ્પી નિરાકારરૂપી, વિભુત્વાચ્ચ સર્વત્ર સર્વેંદ્રિયાણામ;
નચા સંગતં નૈવ મુક્તિર્ન મેય. શ્ચિદાનંદ૦ ૬

પ્રતીતિ અંગ

હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે ફરે;
મારે સમરસ સેજ સંજોગ, સાવસ્વતંતર પામ્યો ભોગ;
જેમ ભર સાગરે તિમિંગલ રમે, હું હરિમાં તો દેહકોણ દમે. ૧
પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી;
તો આઠ વેંતનો હું જે ઘડયો, તેતે કયાં અળગો જઈ પડયો;
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખોને એ રહી આથ્ય. ૨
ઉમેરણુ જે ઉસરણુ કર્મ, હરિ મારગમાં જાણે શ્રમ;
સ્યાથુ લઈને શામાં ભરૂં, અખંડ બ્રહ્મની ખંડણા કરૂં;
અખા એ ત્યાં છે અદબદ, અહંપણાની ચૂકી હદ. ૩
અનુભવી જ્ઞાન ત્યાં એવું કથે, કર્મ ધર્મ ભાજી કરે જથે;
આતમ તત્ત્વ માંહેથી મરે; નામ રૂપ કુચા શું કરે;
એમ અખા ત્યાં કીધી આથ્ય, હવે કામ શું ઝાલે હાથ. ૪
છાછળ માંછળની નૈ વાત, એ તો રમવી વાત અઘાત;
ખોવું મનને લેવી વસ્ત, નાખ્ય નશંક લાધે નૈ અસ્ત;
કે તુટે કે અડેન આઢય, અખા હરિ અર્થે હડિયું કાઢય. ૫
કયાંથો અવસર પામ્યો વળી, મોતી વેહે પરોવો વિજળી;
મરે ત્યાંહાં તો સૌ કો મરે, પણ સુરતે જે સ્વામિ અર્થ કરે;
અખા પામું હરિ કે ખોઉં સંસાર, સર્વ નિગમું કે પાલું બાર. ૬
તપ તીરથ શા વડે હથિયાર, પુરૂપ ચીંથરાનો એ સંસાર;
તે ઉપર આયુધ શાં વહે, મારીશ કેને તે તું કહે;
પેસ ખેતરમાં ઘાલી હામ, બ્રમ કશો ન અખા રૂપ નામ. ૭

અપરાધ ક્ષમાપન સ્તોત્રમ્

બાલ્યે દુઃખાતિરેકાન્મલલુલિતવપુઃ સ્તન્યપાને પિપાસા,
નો શક્તિશ્ચેન્દ્રિયેભ્યો ભવગુણજનિતા જન્તવો માં તુદન્તિ;
નાના રોગાદિ દુઃખાદ્રુદન પરવશઃ શંકરં ન સ્મરામિ,
ક્ષન્તવ્યો મેઽપરાધઃ શિવશિવશિવ ભોઃ શ્રીમહાદેવ શંભો. ૧
પ્રૌઢોઽહં યૌવનસ્થો વિષય વિષધરૈઃ પંચભિર્મમ સંધૌ,
દષ્ટો નષ્ટો વિવેકઃ સુત ધન યુવતી સ્વાદ સૌખ્યે નિષણ્ણઃ;
શૈવી ચિન્તાવિહીનં મમ હૃદય મહોમાન ગર્વાધિરૂઢં–ક્ષન્તવ્યો૦ ૨
વાર્ધક્યે ચેન્દ્રિયાણાં વિગત ગતિમતિશ્ચવાધિ દૈવાદિતાપૈઃ,
પાપૈ રોગૈર્વિયોગૈ સ્તવનવસિત વપુઃ પ્રૌઢી હીનં ચદીનમ્,
મિથ્યા મોહાભિલાષૈર્ભ મતિ મમ મનો ધૂર્જટે ધ્યાન શૂન્યં. ૩
કિંવાઽનેન ધનેન વાજિકરિભિઃ પ્રાપ્તે ન રાજ્યે નં કિં,
કિંવા પુત્ર કલત્ર મિત્ર પશુભિર્દેહે ન ગેહેન કિમ;
જ્ઞાત્વૈ તત્ક્ષણભંગુરં સપદિરે ત્યાજ્યં મનો દૂરતઃ
સ્વાત્માર્થં ગુરૂવાક્યતો ભજ ભજ શ્રી પાર્વતી વલ્લભમ્. ૪

સહજ અંગ

ધર્મ સત્વાદી ભીમબળવંત, સેદેવ જોશી જાણે તંત;
અર્જુન બાણાવળિ નકુળ ચતુર, સાય જેને શ્રીકૃષ્ણ હજુર;
વન ભોગવતા દુખિયા થયા, પામી રાજ્ય અધુરા ગયા;
સહેજે જે થાયે તે થાય, કર્તવ્યનું બળ અખો ન ગાય. ૧
સુધુ સમજી સુખિયો થા, મૂકી આપ ઈશ્વરમાં જા;
ધરમ અરથ મોક્ષ ને કામ, એ માયા પગ મૂક્યા ઠામ;
નિસ્પૃહી તે નિરાળો રહે, અખા લાલચિયો લીધે વહે. ૨
સમજે તાં અવળું છે તાન, બીજું ઈચ્છે એહજ જ્યાન;
સોના માંહે બીજું ભળે, મૂળ રૂપ તેનું જ્યમ ટળે;
જેમ છે તેમ એ છે આત્મા, અખા કેની એવી છે ક્ષમા. ૩

વેષવિચાર અંગ

દર્શન વેષ તણી કો વાત, પંથ પુરાતન સઘળી ઘાત;
સ્વ ઇચ્છાએ અવધૂતજ રહ્યા, પછે ચાલ્યા આવ્યા ક્યાં તેને ગૃહ્યા;
શિવ વેષ ધર્યો અભનવો, તે પેલો અખા કેને અનુભવ્યો. ૧

રાજ વેષ ધરે નોય રાજ, પંથ રહે કાંઇ ન સરે કાજ;
અંતઃકરણ એનું કાંઇ નથી, નિરદાવે વર્તે તે જતી;
સેજમાંય મહાપુરૂષ જ રહે, બાહ્ય દૃષ્ટિ અખા વેષને ગ્રહે. ૨

શેષ શંકર મુનિ જે પદ રમે, તે પદ પ્રીછ અખા કાં ભ્રમે;
શુક મોટા કાવ્યા જે વડે, રમે કબુધ તુને આશા નડે;
જ્ઞાન ભ્રષ્ટ તે આશા કરે, સત્ત્વ છાંડી અખો નહિં ગૃહે. ૩

જીવ કલંક અખા ટાળે ટળે, આશાએ જીવ ભ્રમમાં ભળે;
આશાવાન તણું નામ જીવ, પદ નિરાશ બેઠો તે શિવ;
મરકટ મનતે આશા લગે, જોય વિચારે અખા તું વગે. ૪

જક્ત નામ જગદીશ તણું, જોયામાં કારણ છે ઘણું;
ચિત્ત સહિત જોતાં તો જક્ત, ચિત્તરહિત હરિ છે અવ્યક્ત;
શાર્દુલ સુત માતાને મળે, અન્ય અખા રિપુ જાણી પળે. ૫

મોટું વૈગુણ્ય ચિત્તનું પડ્યું, વસ્તુ વિષે દ્વૈત પડ ચડ્યું;
પડે ભાત નાના વિધ તણી, ચિત્ત ઉપાધ્ય વાધી અંત્ય ઘણી;
માદક પુરૂષને ઘેલો કરે, સ્વ સ્વરૂપ અખા તેને વિસરે. ૬

ચિત્ત સમ તે નિશ્ચળ મન થાય, નિશ્ચળ મન તે શિવ સદાય;
શિવ તણે પદ દ્વૈત જ નથી, ચિત્ત ઉપાધ્ય વાધી અણ છતી;
ચિત્ત કલ્પિત અખા અવતાર, એ સત્ શાસ્ત્ર જાણે નિરધાર. ૭

વિષે માદક પુરૂષે ભક્ષ કર્યો, ત્યારે બુદ્ધ નેત્રે ભ્રમ જ સ્ફુર્યો;
ભ્રમ પડતે હરિ દૃષ્ટિ ગઈ, નેત્રે માયા આવી રહી;
માયા બળ છે અખા પ્રચંડ, તેનાં દર્શન છજુ પાખંડ. ૮

સર્વ વિકાર એ મનનો જાણુ, ચોરાશીલક્ષને ચારે ખાણુ;
દૃષ્ટ પદારથ ચિત્તનો ઘડયો, ચિત્તવત્ એને ચિત્ત શું જડયો;
ચિત્તરૂપી રોગ મનને થયો, અખા આપોપુ ભુલી ગયો. ૯
મેલું મન તે સામું ધસ્યું, જઈ માયા કેરે ચિત્તે વસ્યું;
માયા તણો ત્યાં બૌ વિસ્તાર, હરિને પરઠયા દસ અવતાર;
ચિત્ત અંગી કરતે ભ્રષ્ટ થયો, અખા દોષ હરિનો ગ્રહ્યો. ૧૦
અખિલ બ્રહ્મનો શું અવતાર, ચિત્ત ઉપાધી તણો વિસ્તાર;
કહી જાય તો ફરી અવતરે, વણસમજે દોય સ્થાપન કરે;
આદ અરણુવ સદા ભરપુર, અખા ઉત્પત્યલય લહેરે પૂર. ૧૧
ચિદાનંદ કેરા સૌ રૂપ, દૃષ્ટ પદારથ આપે ભૂપ;
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરિ;
સદા સર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ. ૧૨
વણુ વિચારે વિશ્વનું ભાન, જ્યાંહાં લગે નવ કાઢયું માન;
વસ્તુ વિચારે વિશ્વ જ નથી, હરિને કરતા કૌશાવતી;
હરિ કરતાને કહો શા તણો, જો કલ્પિત બ્રહ્મ અખા આપણો. ૧૩
ગુરૂ મારે એમ જ પ્રિછવ્યો, હરિ દેખાડયો તે અણુચળ્યો;
વિશ્વ નિયંતા જો કહેવાય, અખંડ બ્રહ્મની ખંડણા થાય;
ગુરૂ ગોવિંદ જેને ત્યાં હશે, અખા આપોપું દેખાડશે. ૧૪
સાચો ગુરૂ કેને નવ ભજે, જુદાથી કાંઈ નવ નીપજે;
રસાયન કેને નવ મળે, ધૂર્ત વિત્ત લઇને પળે;
એ બેની સદાયે ખોટ, અખા નૈ મળે કોટા કોટય. ૧૫
સાચો ગુરૂ જાણી જે જક્ત, કનક કામની નોય આશક્ત
બીજા સઘળા આળપંપાળ, ધનને અરથે માંડે જાળ;
તેથી કહો તે શું નીપજે, અખા અંતર માયાને ભજે. ૧૬
ગુરૂ શિષ્યની ત્યાં એવી વાત, શુદ્ધ પારસને સઘળી ધાત;
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઇ નીવડે;
તે આદર કેનો નવ કરે, સેજ ઐશ્વર્ય અખા તે ધરે. ૧૭

સદ્ગુરૂ શિષ્યને વચનજ કહે, જિજ્ઞાસુ શિષ્ય તત્ક્ષણ ગૃહે;
મોર પત્ની પડતું બિંદુ ધરે, તેનો તદવત્ બરહી થૈ પરવરે;
પડયું ગ્રહે તેની થાય ઢેલ, ગુરૂ શિષ્યનો અખા આ ખેલ. ૧૮

ગુરૂ શિષ્ય કેરી સાંભળ જુક્ત, સ્વાંત બુંદે જેમ જામે સુક્ત;
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુક્તા જામી રહે;
આદરવંતને વચનજ ઠરે, જો અખા સદ્ગુરૂ આદરે. ૧૯
ગુરૂ શિષ્યનો સાંભળ તંત્ર, એક પોરે મુદ્રા જંત્ર;
કરતા ધરતા હોય સાવધાન, ઉઠે મુદરા સઘળી સમાન;
ચંત ચળે જો એકે તણું, મિથ્યા કાર્ય હોય અખા ઘણું. ૨૦
ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક ત્રણ નામ વિભાગ;
તેને અજાણ્યો કે જુજવા, સમઝાને તે એકજ હુવા;
અનુભવતાં જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. ૨૧
જક્ત ભાવ રદેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગ્યજ થયો;
જ્યાં જુએ હરિ દષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાડે ચડે;
દ્વૈત ભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાનજ થયું. ૨૨
જો ભક્તિ કરે ને નંદે જ્ઞાન, તો ભક્તિ નંદી આણે અભિમાન;
વૈરાગી કહે જૂઠા બે, સાચો સંસાર મૂકીરે;
એદ્વેષે હરિ કેયેરે ગયો, અખા અહંકાર આગળ થયો. ૨૩
હરિમય સર્વ દેખે તે ભકત, જ્ઞાની આપે છે અવ્યકત;
અહર્નિશ મન જો વેંધ્યું રહે, તો કોણ નંદે ને કોને કહે;
વણુપામે બકવાદજ કરે, ગળે ગર્જના અખા ઉગરે. ૨૪
કુળ વધુ તે પરને નવ ભજે, તેમ સાધ્વી તે ત્યાંહાં નીપજે;
આપ છુપાડે પોતા તણું, કંથ માન હોયે ત્યાં ઘણું;
તે ભક્તની ત્યાં એવી રીત, નમ્ર પણે અખા છે જીત. ૨૫
જ્ઞાનીને પર કોઇએ નથી, મન અમન થયું તે વતી;
ઉત્તમ મધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વે લીન થયું;
ગત દિવસનું સ્વપ્ન જેમ, હું તું ભાવ અખા થયો તેમ. ૨૬

મૂરખ મિત્ર વિષે

ગંગ તરંગ પ્રવાહ ચલે, ઓર કૂપકો નીર પીયો ન પીયો,
અબ્બ હ્રદે રઘુનાથ વસે તો, ઓરકો નામ લીયો ન લીયો;
કર્મ સંજોગ સુપાત્ર મીલે તો, કુપાત્ર કો દાન દીયો ન દીયો,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, મૂરખ મિત્ર કીયો ન કીયો.

પ્રીત કરવા વિષે

પ્રીત કરો નિત્ય જાન સુજાનસે, ઓર હેવાનસે પ્રીત કેસી,
ખટમાસ સુડે સેમળ તરૂ સેવ્યો, દેશ તજી પરદેશ વસી;
ફલ નીચે પડયો પક્ષીરાજ ઉડયો, જબ ચાંચ મારી તો કપાસ જેસી,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, છાશ મીઠી કયા દૂધ જેસી.

દરિદ્ર જવા વિષે

જ્ઞાન ઘટે કોઈ મૂઢકી સંગત, ધ્યાન ઘટે બીન ધીરજ લાયે,
પ્રીત ઘટે કોઈ મૂંગે કે આગે, ભાવ ઘટે નિતહી નિત જાયે;
શોચ ઘટે કોઈ સાધુકી સંગત, રોગ ઘટે કુછ ઓખદ ખાયે,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, દારિદ્ર ઘટે હરિ ગુન ગાયે.

કપૂત (ખોટાં લક્ષણવાળા) વિષે

પૂત કપૂત કુલચ્છન નાર, લડાક પડોસી લજાવત સાળો,
ભ્રાત અદેખો લંપટ પ્રોહીત, લોભી મિત્ર અતીત ધુતારો;
ચાકર ચોર નિશાનક ઢોર, સાહેબ સૂમ દિવાન કુઢારો,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, (એ) બારકો બાંધ સમુદ્રમેં ડારો.

સ્વભાવ વિષે

પાવક કુજલ બુધ નિવારણ, સૂરજ તાપકુ છત્ર કીયો હે,
વ્યાધિક વૈદ તુરંગ કુચાબક, ચોપગકું બ્રખ દંડ દીયો હે;
હસ્તિ મહામદકુ અંકુશહે, ભૂત પિશાચકુ મંત્ર કીયોહે,
ઓખદહે સબકો સુખકારક, સ્વભાવકો ઓખદ નાંહી કીયો હે.

ગર્જ વિષે

ગર્જ હી અરજ્જુન હીજ ભયે, અરૂ ગર્જ હી ગોવિંદ ધેન ચરાવે,
ગર્જ હી દ્રૌપદી દાસી ભઈ, અરૂ ગર્જ હી ભીમ રસોઈ પકાવે;
ગર્જ બડી સબ લોકનમેં, અરૂ ગર્જ વિના કોઈ આવે ન જાવે,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, ગર્જસેં બીબી ગુલામ રીઝાવે.

રતિ (ભાગ્ય) વિષે

રતિ બીન રાજ રતિ બીન પાટ, રતિ બીન છત્ર નહીં એક ટીકો,
રતિ બીન સાધુ રતિ બીન સંત, રતિ બીન જોગ ન હોય જતીકો;
રતિ બીન માત રતિ બીન તાત, રતિ બીન માનસ લાગત ફીકો,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર, નર એક રતિ બીન એક રતીકો.

દુરીજન વિષે

અકારણ દ્વેષ કરે, ઈરિષામેં અંગ જરે,
રંગ દેખી રીઝે નહીં, દૃષ્ટિ દોષ ખડો હે;
આપકો નાકરે કાજ, પરકો કરે અકાજ,
લોકનકી છોડી લાજ, અસુયામેં અડયો હે;
મન બાની (વાણી) કાયા ક્રૂર, ઓરનકુ સતાવે સુર,
કામ ક્રોધ હો હજુર, વિધિને કયું ઘડયો હે;
કહત હે કવિ ગંગ, શાહનકે શાહ શુરા;
દુનિયામેં દુઃખ એક, દુરીજનકો બડો હે.

આદમીના તોલ વિષે

કુપાત્રકી પ્રીત કહા, ખાત બિન ખેત કહા;
મહોબત બીન મિત્ર વાકુ, ચિત હું ન આનીયે;
મતિ બીન મર્દ કહા, નુર બીન નાર કહા;
અર્થ બીન કવિ કહા, પશુકર પીછાનીયે;

નોંલા બીન ફોજ કહા, હસ્તી બીન હોટ જૈસે;
દોલત બીન દેત દાન, દેવત કરી માનિયે;
કહતહે કવિ ગંગ, સુનોજી અકબ્બર શહા;
આદમીકો તોલ, એક બોલસે પિછાનિયે.

ચંચળતા વિષે

રાજા ચંચળ હોય, યુદ્ધ કર નગર વસાવે,
પંડિત ચંચળ હોય, બેઠ કર સભા રીઝાવે;
હાથી ચંચળ હોય, દલાંસ નગાર દીખાવે,
ઘોડા ચંચળ હોય, ચટક ચોગાન ચઢાવે;
ઈતરાતો ચંચળ ભલા, રાજા પંડીત ગજ તુરી,
કવિ ગંગ કહે સુન પાદશાહ, તરૂણી ચંચળ બહુ બુરી.

વચન ફેરવવા વિષે

પગ બીન કટે ન પંથ, બાહુ બીન હટે ન દુરીજન,
તપ બીન મીલે ન રાજ, ભાગ્ય બીન મીલે ન સર્જ્જન;
ગુરૂ બીન મીલે ન જ્ઞાન, મેહુ બીન કૈસો દાદુર,
કબી ગંગ કહે સુન પાદશાહ, વચન ફેરવેસો ન નર,
રઘુકુલકી યહી રીતિ ચલી આઈ,
પ્રાણ જાય પણ વચન ન જાઈ.

રામકૃષ્ણપરમહંસનાં બોધ-વચનો

પ્રશ્ન—આ સંસારમાં આવેલા જને શું કરવું જોઇએ ?

ઉત્તર—ઈશ્વર ઇચ્છાને શરણે થવું. એટલે સઘળી વાત ઈશ્વરને સોંપી દો, તમો તેની ઇચ્છાનું રૂપ જ વર્તવાને સાવધાન બનશો તો તમારે માટે કાંઇપણ ચિંતા રહેશે નહીં, અને ત્યારે તમે જાણી શકશો કે, સર્વ કાંઈ તેના હાથમાંજ છે ને તેની ઈચ્છાનુસાર જ ચાલે છે.

બાળક જેવો થા

જ્યાં સુધી તું બાળક જેવો સરળ થશે નહીં, ત્યાં સુધી તને ઈશ્વર સંબંધી જ્ઞાન પ્રાપ્ત થશે નહીં. જે કાંઇ સંસારનું જ્ઞાન તેં એકઠું કીધું હોય તે વિસરી જા, અને સંસારીક વિષયમાં બાળક જેવો અજ્ઞાન થા, એટલે તને તે સત્ (પરમાત્મા)નું જ્ઞાન થશે. સંસારમાં રહેવું કે ત્યાગી થવું, એ ઈશ્વર ઇચ્છાની વાત છે. માટે સર્વ વાત તેના હાથમાં સોંપી તમો તમારાં કર્મ કર્યાં જાઓ. આથી વિશેષ તમો શું કરી શકશો? એકડાની પાછળ મીંડાં વધારવાથી તેની ગણનામાં વધારો કરી શકશો, પણ જો મીંડાની આગળથી એકડો ભૂંસી નાખશો તો બાકી રહેલા શૂન્યોની કાંઇપણ કીંમત રહેતી નથી. આજ પ્રમાણે જીવાત્મા જ્યાં સુધી પરમાત્માને વળગી રહે છે, ત્યાં સુધી તેની ગણના થાય છે, પણ તે તેને મૂકી દેશે કે તુરત તેના સર્વ પ્રયત્નો અને કર્મો વ્યર્થ જશે.

માયાનો અને બ્રહ્મનો સંબંધ કેવો છે?

જો ચંચળ માયાને અને દોડતા સર્પને સાથે સરખાવીએ તો બ્રહ્મને નિશ્ચળ જડવત્ પડેલા સર્પ જેવો કહી શકીએ. કેવળ અદ્વિતીય, નિત્ય, સનાતન અને નિશ્ચળ સત્, ચિત્ત અને આનંદરૂપ બ્રહ્મની પ્રસરિત અને સર્વને વ્યક્ત થતી શક્તિનું નામ માયા છે.

જેમ સમુદ્રનું પાણી એક સમયે શાંત હોય છે, અને બીજે સમયે ડોલાયમાન હોય છે, તેમ બ્રહ્મ અને માયા રહેલાં છે. પૂર્ણ શાંતિવાળો સમુદ્ર તે બ્રહ્મ, અને વ્યગ્ર અવસ્થાવાળો સમુદ્ર તે બ્રહ્મની માયા. બ્રહ્મ અને શક્તિ (માયા)નો સંબંધ અગ્નિ અને તેની સ્વાભાવિક દાહક ઉષ્ણ પ્રકાશક શક્તિના જેવો, આધાર આધેયના સંબંધ જેવો છે.

દૃશ્ય જગતની જાળમાં પડવાથી નિત્યાનંદ એવું બ્રહ્મ રડતું અને કકળતું હોય એવો ભાસ થાય છે.

માયા જ બ્રહ્મનું દર્શન કરાવે છે. જો માયાને તત્‌કૃત જગત્‌ ન હોત તો નિત્ય અને સનાતન એવા બ્રહ્મનું અનુભવ જ્ઞાન કોણ પ્રાપ્ત કરી શકત? ઈશ્વરની વ્યક્ત પામેલી શક્તિને જાણ્યા વિના તેમે જાણુવાનું એક્કે સાધન નથી.

દેવળમાં દર્શન કરી બોધ ગ્રહણ કરવા વિષે

આપણા ઋષિ મહાત્માઓએ દેવસ્થાનોની પ્રણાલિકા બાંધી તેનું કાંઈપણ કારણ હોવું જોઇએ. તે સંબંધી ખુલાસો નીચે પ્રમાણે.

ધારો કે આપણે મહાદેવના દેવળમાં દર્શન કરવા ગયા, અને દર્શન કરી પાછા આવતાં શાસ્ત્રના નિયમ પ્રમાણે પૂજારી પાસે બેઠા. એટલે પૂજારીએ દર્શન કરનારને બોધ કર્યો કે, ભાઈ આપણે પહેલા સભા મંડપમાં જઈએ છીએ અને ત્યાં નંદીનાં દર્શન પ્રથમ કરીએ છીએ. તે ઉપરથી એ શીખવાનું છે કે, નંદી નૈષ્ટીક બ્રહ્મચારી છે, તેથી આપણે પણ નૈષ્ટીક બ્રહ્મચારી બનવું જોઈએ તો પૂરો આનંદ મળે, અને નૈષ્ટીક બ્રહ્મચારી જે હોય તેજ સભા મંડપમાં વચ્ચે શોભે છે. ત્યાંથી આગળ જઇએ એટલે કચ્છપ્‌ ભગવનનાં દર્શન થાય છે. તે ઉપરથી શીખવાનું કે કાચબો જેમ પોતાનાં અંગ બધાં સમેટી અંદરવાળી લે છે, તેમ આપણે પણ બધી ઇંદ્રિયોને બહિર્મુખ ન થવા દેતાં અંદર પાછી વાળવી એટલે કોઈ વિષય સતાવશે નહિં. પછી ગણુપતિનાં દર્શન કરીએ છીએ. તો તે ઉપરથી સમજવાનું કે-મુસ્તક હાથીનું છે, અને કાન સુપડા જેવા છે. એટલા ભારે છતાં વાહન ઉંદરનું છે. પેટ મોટું છે. સુંઢ એટલે નાક મોટું છે. તો જેમ એક ભકતે કહ્યું છે તેમ.

હાથી ચલે બજારમાં, શ્વાન ભુરકે હજાર. એટલે હાથી જતો હોય ત્યારે પાછળ ઘણાં કુતરાં ભસે છે; પણ હાથી પાછું વાળી જોતો નથી, અને નીડરપણે ચાલ્યો જાય છે. તેમ આપણે પણ સદાચારથી ચાલતાં હોઇએ છતાં પાછળ લોકો જો ખરૂં-ખોટું બોલે તો તે હાથીની

માફક ગણકારવું નહિ, વળી કાન સુપડા જેવા છે. એટલે સુપડું જેમ સાર વસ્તુ ગ્રહણ કરી અસાર વસ્તુ બહાર ફેંકે છે તેમ આપણે પણ સાર ગ્રાહી થવું જોઇએ. વળી તે જેમ પોતાની સુંઢથી સારા નરસાની પરીક્ષા દૂરથી કરે છે, તેમ આપણે પણ પ્રથમથી સારી વસ્તુ ગ્રહણ કરવી કે જે ફેંકી દેવી પડે નહિ. ગણપતિનું પેટ મોટું છે. એટલે વધારે ખાવા માટે છે એમ નહિં. પણ મોટા પેટવાળા એટલે દરિયા જેવા, મતલબ કે બધી રીતમાં મોટા દિલવાળા થવું. કાંઈ સમજીને કે વગર સમજે જે બોલે તે તરફ રીસ ન કરતાં પેટમાં સમાવવું. વળી આવડી ભારે મૂર્તિ ઉંદર ઉપર શી રીતે બેસતી હશે. ઉંદર મરી જતો કેમ નહિં હોય, પણ તે ઉપરથી યુકિત સમજવાની જે—ઉંદરનો અર્થ કરતાં ઉ અક્ષર સ્વપ્નાવસ્થાનો છે, ને તેની અંદર સૌ છે. એટલે આપણે આત્માને ઓળખતા નથી. એટલે તે તરફથી ઉંઘેલા છૈએ અને જે ઉંઘેલો હોય તેને સ્વપ્નું હોય માટે આપણને જેમ સ્વપ્નું એક રાત્રીએ આવે છે તેમ. આ જગત્‌માં આપણું જીવન તે પણ દીર્ઘ કાલનું સ્વપ્નું સમજવાનું છે. માટે ગણપતિ એટલે બધા ગુણનો પતિ તેમ આપણે દુર્ગુણો કાઢી સદ્‌ગુણ મેળવીએ તો ગણપતિની પેઠે પૂજાઈએ. અને ગણપતિને ઘેર રિદ્ધિ સિદ્ધિ જેમ દાસી થઈને રહે છે. તેમ આપણે પણ રિદ્ધિ સિદ્ધિના માલીક થઇએ.

હનુમાનનાં દર્શન કરતાં તે દક્ષિણ તરફના મુખથી બેઠેલા જોઈએ છીએ તે ઉપરથી આપણને સહેજ પ્રશ્ન ઉભો થાય છે કે હનુમાનને દક્ષિણ તરફના મોઢે કેમ બેસાડયા હશે? તે તો ચમત્કાર કહેવાય; પણ તે ઉપરથી એ યુક્તિ સમજવાની છે કે આપણા શરીરમાં જમણો હાથ દક્ષિણ કર કહેવાય અને ડાબો વામ કર કહેવાય જ્યારે બ્રહ્મજ્ઞાન સંપાદન કરે ત્યારે પુરૂષપણાને પામ્યો કહેવાય કેમકે જમણું અંગ પુરૂષનું છે અને ડાબું અંગ સ્ત્રીનું છે; એટલે તેઓ પોતાના સ્વરૂપના ભાનમાં છે. માયાના સામું જોતા નથી, અને તે જતિ છે. વળી શબ્દાર્થ કરતાં પણ હન=હણવું+માન=માન=જેને માન જોઈતું નથી.

માન અપમાન જેને સમાન હોય તે બ્રહ્મદર્શી કહેવાય. અને તે ઉપરથીજ તેમને રામના સેવક માન્યા છે. વળી એક વખતે રામચંદ્ર ભગવાને હનુમાનજીને પૂછયું કે તું મારી સાથે કેવો સંબંધ ધરાવે છે. તેના જવાબમાં હનુમાનજીએ કહ્યું કે–શરીર ભાવે હું તમારો સેવક છું, ને જીવ ભાવે હું તમારો અંશ છું, ને આત્મભાવે તમે ને હું એકરૂપ છીએ. હવે નીચે શંખાવટનાં દર્શન થાય છે. તે ઉપરથી સમજવું કે આ બધું જે કહ્યું તે હૃદયમાં ઠસાવવું, ને શંકાઓને કાઢવી. મતલબ કે **संशयात्मा विनस्यति** । એ ગીતાના વચન પ્રમાણે સંશય રાખવો નહિં દૃઢ નિશ્ચયી થવું. હવે આગળ જતાં બારણું આવ્યું તેમાં નીચે ઉંબરો હોય છે, એટલે ઉંબર વત મન સ્થિર કરવું જોઈએ. જેમ ઉંબરાના ઝાડને થડથી ટોચ સુધી ફળ બાઝેલાં હોય છે. તેમ ચૈતન્યરૂપી ઉંબરાને જગતરૂપી ફળ બાઝેલાં છે. પછી બે સાખો એટલે બે સાક્ષી રૂપ તે વ્યવહાર તથા પરમાર્થ એ બરાબર રાખવાં. વ્યવહાર બરાબર નહીં સમજો તો પરમાર્થ સમજાશે નહિં. ઉપર ઓતરંગ જોતાં સમજવું કે ઉપર લખ્યું તે પ્રમાણે જો અમલમાં મૂકાય તો જુઓ એનો રંગ તે ઉપર શોભતું હોય છે. એટલે પછી તેની શોભા સારી હોય છે. વચમાં નચુકો હોય છે તે ઉપરથી એ યાદ રાખવું કે આ કહેલું ચુકશો નહિં. પછી કમાડ, કમાડનાં પાટીયાં છુટાં રહે નહિં. તેને ખુહા ચોઢે છે ખુહા= મૂર્ખા. કમાડ તેની વ્યુત્પત્તિ કરતાં કમ=ઓછી+આડ=અંતરાય જો કે આપણા અને બ્રહ્મ વચ્ચે જુદાઈ નથી પણ ખુહા (મૂર્ખા) જેવા રહેવાથી પોતાના સ્વરૂપને ઓળખ્યું નહિં. નહિં તો દેહરૂપી દેવળમાં જીવરૂપી શિવ છે, એવું ભાન થવું જોઈએ. હવે પાર્વતી એટલે બધી વૃત્તિઓથી પારવૃત્તિ જેની ઉપરામ વૃત્તિ થઈ છે તે એમ સમજવું જોઇએ.

આટલું વિવેચન કરી તે આશ્રમમાં રહેનાર મહાત્મા દર્શન કરવા આવનાર ભકતને રજા આપતાં કહે છે કે આ વાત ધ્યાનમાં

રાખશો તો તમારો જન્મમરણનો ફેરો ટળશે, અને મનુષ્ય જીવનનું ધ્યેય પણ આજ છે.

સારી વાણી બોલવાથી થતા લાભ

આ શરીરની શોભા મુખથી છે, અને મુખની શોભા વાણી છે. વાણી કેવી બોલવી તે સંબંધી એક કવિએ કહ્યું છે કે—

મોગરાનાં બીજ જેવા માનવીના મીઠા બોલ,
કૌચ બીજ જેવા બોલ કડવા કહાવીએ.
મોગરાના બીજમાંથી કૌચ ન કદાપિ થાય,
કૌચથી ન મોગરાની આશ લેશ લાવિયે.
એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ,
જેવાં બીજ વાવે તેવાં તેવાં ઝાડ ઉગીએ.
પ્યાર ખાર પામવા ઉપાય હાથ આપણામાં,
દુનિયાને દોષ દલપત ન ચઢાવીએ.

માટે ભાઈઓ કઠોર વાણી બોલવી છોડી દઈ મોગરાના ફૂલ જેવી મીઠી વાણી બોલવી કે જેથી સૌ મિત્ર થઈ વર્તે દાખલા તરીકે કાગડો અને કોયલ એકજ રંગનાં છે, પણ બોલીથી કોયલ વહાલી લાગે છે, અને કાગડાને સૌ ઉડાડી મૂકે છે.

લગ્નવિધિની સમજણ

જ્યારે કોઇ માણસની જાન જતી હોય ત્યારે કહેવાય છે કે આ માણસ પરણવા જાય છે. પ્રણવ નામ ૐકારનું છે મતલબ કે પ્રણવમાંથી બહાર જાય છે, એટલે પોતાનું સ્વરૂપ ભૂલી માયાના ફંદમાં ફસાવા જાય છે અને તે વળી વાગતા ઢોલે છાનામાના નહિં. જ્યાં જવાનું હોય ત્યાં પહોંચ્યા પછી પોંખાવા માટે તોરણ નીચે જઈ

ઉભા રહેવું પડે છે. તે વખતે તેની સાસુ પોંખવા સારૂ આવે છે, તે પોતાની સાથે પોંખવાનો સામાન જેવો કે—ધુંસળ (ધુંસરી), મુસળ (સાંબેલું) રવઇયો (વલોણું કરવા માટેનો વાંસ) તીર, તરાક, સરિયા ને સંપુટ તથા એ ઘઊંના લોટનાં અને બે રખ્યાનાં મુઠીયાં મળીને ચાર. આ વખતે ગોરદેવ પણ હાજર હોય છે. તેઓ પોતે પરણનારની સાસુ પાસે લાવેલી સામગ્રીમાંથી એકેક વસ્તુ લઈ વરરાજાને શિખામણ આપે છે કે—તમે પરણશો એટલે બળદની માફક સંસારની ધુંસરી ખેંચવી પડશે. પછી સાંબેલું લઇને સમજણ આપે છેકે—જેમ સાંબેલાથી ડાંગરનાં ચોખા ને છોતરાં જુદાં થાય છે, તેમ તમારાં પણ થશે. ચોખા એ જ્યારે દાળનો સંગ કર્યો એટલે તેનું નામ પલટાઈ ખીચડી નામ બોલાયું. તેમ તમે તમારૂં સ્વરૂપ ભૂલી જશો. રવઇયા ઉપરથી શીખવાનું કે—ગોળીમાં દહીં નાંખી વલોવી તેમાંથી માખણ તારવી કાઢે છે. તેમ 'તમારામાંથી પણ સત્ત્વ બહાર નીકળી જશે. તીર જેમ પણછમાંથી નાસે છે. જરાએ સ્થિર રહેતું નથી તેમ સંસારમાં પડયા પછી સ્થિર મન રહેશે નહિં. પ્રવૃત્તિને લીધે આમ તેમ દોડવું પડશે. તરાક—ઉપર જેમ સુતરની ધોળી કોકડી તૈયાર થાય છે તેમ તમો સંસારમાં બહુ રચ્યા-પચ્યા રહેશો. એટલે તેજનો નાશ થવાથી શરીર ફીકું પડશે. વળી સરિયા એટલે જુવારના સાંઠાના ડોકા જેમ ચારે બાજુએ નંખાય છે. તેમ તમે ચારે બાજુએથી સાંઠા જેવા કસ વગરના થશો.

ઘઉંના લોટનાં તથા રખ્યાનાં ચાર મુઠીયાં ઉપરથી સમજવાનું કે જો બંનેજણ સંપીને રહેશો તો ઘઉં જેવો ખોરાક ખાશો ને સુખી થશો, ને કજીઓ કંકાસ કરશો તો રખ્યા ખાશો. મતલબ કે ખાવા પીવામાં પણ દુઃખી થશો. હવે આટલું થઈ રહ્યા પછી બાજઠ ઉપરથી ઉતરતાં સંપુટીયા ઉપર પગ મૂકી આગળ લગ્નમંડપ ભણી ચાલતા અગાઉ પોંખનાર સાસુ નાક ઝાલી તાંણે છે. તેની મતલબ એ છે કે—આટલું યુક્તિઓ કરી સમજાવ્યા છતાં સમજતો

નથી તો તું નાક વગરનો છે તો ચાલ ચાલતાંજ સંપુટીયા ઉપર પગ મૂકી ચાલે છે તેમાં એ શીખવાનું છે કે–બંને એક રૂપ છો. શરીર પંચભૂતનું છે ને અંદર દહીંની માફક આત્મા એક છે, તો મોહ છોડી દેવામાં લાભ છે. પછી લગનમંડપમાં ચૅારી બાંધેલી હોય છે. દરેક ચૅારીને ત્રણ વાંસ ઉભા કરી અંદર સાત સાત ગાગરબેડીયાં મૂકેલાં હોય છે ને તે મુજની દોરીથી કસી બાંધે છે તે એ સુચવે છેકે–દરેકનું શરીર ત્રણ ગુણથી બંધાયેલું છે ને સાત વાસણ તે સપ્ત ધાતુ છે. તે સપ્તધાતુ શરીરમાં જળવાઈ રહે, ત્યાંસુધી શરીર આરોગ્ય રહે છે. પણ મુજની દોરી બાંધવાનો હેતુ એ છે કે–એક ભકતના કહેવા મુજબ—

કબુદ્ધિ કદિ ન વીસરે, સો સાધુનો સંગ;
મુજ ડબોયો ગંગમાં, જેમ તાણ્યો તેમ તંગ.

એટલે મુજને નરમ કરવા પલાળીએ પણ તે નરમ નહીં થતાં જેમ અક્કડ થાય છે, તેમ કબુદ્ધિ જનને ગમે તેટલી શીખામણ આપતાં છતાં તે વિષયસુખ ભોગવવાનું છોડતો નથી, અને તે જેમ વધારે ભોગવે છે, તેમ વાસના વધતાં તૃપ્તિ થતી નથી, અને શરીરની ખુવારી કરે છે. વરકન્યાને અમુક સમયે વરમાળા આરોપે છે. એટલે ઢોરને જેમ બાંધે છે, તેમ આ ગાળીયું એ બંધન છે. એટલે તેનાથી બંધાય છે. પછી હસ્તમેળાપમાં એ શીખવાનું છે કે–સંસાર સમુદ્રમાં તરતાં આવડતું હોય તો તમે (વર) તરો અને મને (કન્યાને) તારો જો નહીં આવડતું હશે તો તમે બુડશો ને બુડાડશો. વળી એકજ થાળમાં કંસાર પીરસી વરવહુ એકબીજાને જમાડે છે. તેનો હેતુ એ છે કે–એકજ ભાણામાંથી બંનેએ વહેંચી ખાવાનું છે. જુદાઇ રાખવાની નથી. વળી પરણી ઉઠયા પછી તુરત ગણપતિ આગળ પગે લાગવા તથા થાળીમાં પૈસા નાંખી રમાડે છે. તેમાંથી એ શીખામણ લેવાની છે કે–ગણપતિ જેમ ગુણના ભંડાર છે તેમ આપણે પણ સદ્‌ગુણો

મેળવી સંસારમાં વર્તીશું તો રિદ્ધિસિદ્ધિ દાસી થઈને રહેશે. મતલબ કે વ્યવહાર ચલાવવામાં પૈસા સંબંધી તેમજ બીજાું કોઈ વિઘ્ન નડશે નહિં. એટલુંજ નહિં પણ સંસાર સુખરૂપ નીવડી આખરે તરી જવાય છે.

વળી કહેવત છે કે—"પૈસો મારો પરમેશ્વર ને બાયડી મારો ગુરૂ, છૈયાં છોકરાં શાલિંગ્રામ તો સેવા કોની કરૂં." એનો અર્થ એ છે કે-ઘણા માણસો પૈસા મેળવવા પ્રયત્ન કરે છે, પણ તેમાં ફળીભૂત થતા નથી; પણ જો પરમેશ્વર છે એજ મારે પૈસો છે. એમ માની બેસે તો પરમેશ્વરને આપ્યા સિવાય છુટકો થતો નથી અને પરમેશ્વર આવે છે એટલે તેમની પાછળ તેમની સ્ત્રી-લક્ષ્મી તુરતજ આવે છે. કેમકે તે પોતાના પતિ સિવાય એકલાં રહી શક્તાં નથી. વળી બાયડીને ગુરૂ માનવાનો હેતુ એ છે કે—તે પોતાના સ્વામીને પોતાનું તન, મન સર્વસ્વ અર્પણ કરે છે. એટલે સ્વામી તેને બધી મિલ્કતની ધણીઆણી બનાવે છે, તેમ આપણે પ્રભુને સર્વસ્વ શરીર સાથે અર્પણ કરીએ-એટલે બૈરાની માફક તેની તમામ મિલ્કતના માલીક બનીએ. શાલિંગ્રામમાં પહેલો શબ્દ શાલિ=એટલે ડાંગર છે. ડાંગર પાકે છે, એટલે બહુજ નમી જાય છે. તે ડાંગરની માફક નમ્રતાનો ગુણ શીખવો જોઈએ અને નમ્રતા-રૂપી છોકરાં છૈયાં માનવાનાં છે.

અનુભવી અંગ

આપ વિચારે મળશે રામ, વણ સમજ્યો લે કોનું નામ;
હું કોણુને હરિ શી વસ્ત, એમ કરતાં લાગ્યું કાંઈ હસ્ત,
હું હરિ ને મુજમાં હરિ, એમ જોતાં વસ્તુ લાધી ખરી;
વિશ્વ વસ્તુમાં શાનો ફેર, મણ એક ને ચાળીસ શેર.
નાના કાટલે સઘળા પિંડ, મોટા કાટલે એક બ્રહ્માંડ.

॥ कल्याणमस्तु ॥

શ્રીમદ્ રામાનુજ સંપ્રદાયી

સાધુ મગનદાસજી ગુરૂ લાલદાસજી કૃત કીરતનો.

કીરતન (૧) (રાગ–ધ્રુપદ)

જય કૃષ્ણ જય શ્રી મોરારી,
સકળ જગત તારૂં નામ જપે છે, દર્શનથી દુઃખ પાપ હરે છે. જય૦ ૧
નારદ શારદ ભજન કરે છે, શંકર તારૂં ધ્યાન ધરે છે. જય૦ ૨
વૈષ્ણવ દાસ મગન છે તારો, ભવજળથી સેવકને તારો. જય૦ ૩

(૨) (રાગ–ગઝલ)

પ્રભુ પર પ્રેમ વિનાના, મનુષ્યો મૃગલા જેવા;
ભટકતા જગતમાં ભવોભવ, મનુષ્યો મૃગલા જેવા. પ્રભુ૦ ૧
અરે પોતાતણે ચરણે, સળગતી નિશદિન સગડી;
શીખામણ ઓરને દેતા, સુધારે કોણ એ બીગડી. પ્રભુ૦ ૨
ફરે રાંડ્યા પછી ડહાપણ, બળે રાંધ્યા પછી બળતણ;
કરી દેતાં પુરૂં જીવન, ભટકતા મૃગલા જેવા. પ્રભુ૦ ૩
ભરથરી મોહ માયામાં, બન્યો પાગલ અતિ જ્યારે;
લગાવી કાંધપર ઝોળી, મહાયોગી બન્યો ત્યારે. પ્રભુ૦ ૪
બજાણી થાય મહારાણી, ન ચુકે ટુકડા ખાવા;
ફરી લાંબાં અતિ ટીલાં, ભટકતા મૃગલા જેવા. પ્રભુ૦ ૫
અજર અમ્મરને ત્યાગી, પીએ છે ઝેર હીનભાગી;
સ્થળો સ્થળ ખોળવા ફરતા, ભટકતા મૃગલા જેવા. પ્રભુ૦ ૬
ભજન શ્રી રામનું સાચું, બીજું સૌ સર્વ છે કાચું;
મગન વૈષ્ણવ મન રાચું, કહું છું સર્વને સાચું. પ્રભુ૦ ૭

(૩) (રાગ–ગઝલ)

પ્રભુ કિરતન વિના જગમાં, વૃથા જીવન ગુમાવ્યું છે;
ચઢીને મોહના ફંદે, જીવન આ ધુળ કીધું છે. પ્રભુ૦ ૧
હળાહળ ઝેરની પ્યાલી, રહી છે જગતમાં વ્યાપી;

ફસાવે ફંદ માયાના, જરૂર તું ચેતી લે જાગી. પ્રભુ૦ ૨
કરો સત્સંગ પ્રેમેથી, રહો સૌ ન્યારા દુનિયાથી;
ગુરૂજીની પ્રસાદીથી, મળે છે નૌકા એ ભક્તિ. પ્રભુ૦ ૩
પ્રભુ છે પ્રેમનો ભૂખ્યો, રહે અંતરમાં છૂપો;
ફરીને શું તમે થાકો, વૃથા જીવન ગુમાવીને. પ્રભુ૦ ૪
રહું છું સંતના ચરણે, સદાયે પ્રેમના શરણે;
મગન વૈષ્ણવ મન રટતો, નથી આ જગતથી ડરતો. પ્રભુ૦ ૫

(૪) (રાગ—કવાલી)

જીંદગી દિન ચારની, કરના હોય સો કિજિયે;
આખીરમેં પસ્તાયગા, કરના હોય સો કીજિયે. જીંદગી૦ ૧
શેર—રામ મુખસે બોલના માતાપિતા વોહી હૈ;
દુઃખ મીટાતે દીલકા હરદમ, રોમેરોમે રામ હૈ. જીંદગી૦ ૨
શેર—એહી નગર તું છોડ દેગા, બાત એહી યાદ હૈ;
સમશાનકો સબ લે ચલેંગે, ફીરતો જલતી આગ હૈ. જીંદગી૦ ૩
શેર—આધાર હૈ એક રામકા, ઓર કીસકો કીજિયે;
દાસ મગન વો ચાહતે હૈ, સિયારામ રસ ખૂબ પીજિયે. જીંદગી૦ ૪

(૫) (રાગ—હિંદકા ડંકા)

આ દુનિયામાં છે વિષભરી, કાળી નાગણ એ નારી ખરી;
પસ્તાયા મોટા રાજઋષિ, કાળી નાગણ એ નારી ખરી. આ૦ ૧
ભર્તૃહરિ માલવ દેશ ધણી, ત્રણસો ને સાઠ હતી રાણી;
પાપી પિંગળાના વિષ થકી, ખાંધે લટકી ભગવી ઝોળી. આ૦ ૨
દેખંતી પ્રેમ કરે પૂતળી, લિયે પ્રાણ આખર ડૌંશ કરી;
પગ પાનીથીએ શિર સુધી, રોમેરોમે એ ઝેર ભરી. આ૦ ૩
નવલાખ ચરિત્રો તે કરતી, સ્વારથમાં પ્રીતિ તે કરતી;
દિન રાત વિષયમાં એ ફરતી, બની પ્રબળા પ્રાણોને હરતી. આ૦ ૪
આંખો નહીં બંદુક બે નાળી, કંઈ નરને નાંખ્યા છે રોળી;
કહે દાસ મગન જુઓ ભાળી, કાળી નાગણ એ નારી ખરી. આ. ૫.

(૬) (રાગ–કીરતન)

કાના તારી મોરલી ખરેખરી, નાચે નટવર નંદહરિ,
નાચે નચાવે બંસરી બજાવે, ગાયો ચરાવે ફરી ફરી. કાના૦ ૧
દેવકીને ઘેર જન્મ ધરીને, ગોકુળમાં વહાલો ખેલે હોળી. કાના૦ ૨
છાના છુપના ઘરમાં પેસી, મહીંની મટુકી નાંખે ફોડી. કાના૦ ૩
વૃંદાવનમાં રાસ રચ્યો છે, સાથે ખેલે છે રાધાગોરી. કાના૦ ૪
કદમની ડાળીએ બેસીને કાનજી, મોરલી વગાડે ઝીણી ઝીણી. કાના૦ ૫
નટવર નાગર નંદાજીના લાલા, માખણ ખવરાવે જસુમતિ. કાના૦ ૬
મામાના પ્રાણ લીધા મારીને પટકી, માસી મારી સ્તન
ચુસી ચુસી. કાના૦ ૭
જાદવકેરા કુળને તારી, પોતે પધાર્યા વૈકુંઠ ભણી. કાના૦ ૮
દાસ મગન કહે ગુરૂના ચરણે, પાયે પડું છું લળી લળી. કાના૦ ૯

(૭) (રાગ–ગરબો)

સખી જુમનાજીને કાંઠે, કનૈયો ધેન ચારે;
ઉભા મોરલી વગાડે મીઠી ગોવાળિયા ગાય વાળે. સખી૦ ૧
સાખી–ઘરથી નીકળી રાધીકા, ભરિયાં માથે ભાત;
પ્રભુ પધારો પ્રેમથી, આપણ જમીશું જુમના ઘાટ.
કનૈયો ધેન ચારે. સખી૦ ૨
સાખી–કાના તારી મોરલી, ભૂલાવે છે ભાન;
મારે જવું મહી વેચવા, વહાલા મૂકોને મારૂં નામ.
કનૈયો ધેન ચારે. સખી૦ ૩
સાખી–ઓઢી કાળો કાંબળો, છાંયે સૂતા શ્યામ;
રાધા રીઝાવે સ્નેહથી, કંથ રાખોને મારૂં માન.
કનૈયો ધેન ચારે. સખી૦ ૪
સાખી–મોહન હાથે મોરલી, માથે મુગટ મોર;
ગૌ ચારી ઘેર આવિયા, તમે ગોપીયોના કાળજાની કોર.
કનૈયો ધેન ચારે. સખી૦ ૫

સાખી—દાસ મગન કહે પ્રાણુથી પ્યારા છો ધનસ્યામ,
ગોકુળથી મથુરા ગયા, તમે દ્વારિકા કીધું ધામ.
કનૈયો ધેન ચારે. સખી૦ ૬

(૮) ગરબો ૨ જો.

(મથુરામાં ખેલ ખેલી આવ્યા—એ રાગ)

જનકપુર ખેલ ખેલી આવ્યા, હો રામ સીતાના સ્વામી;
દશરથના ઘેર અવતાર લીધો, સાથે તે ચારે ભાઈ.
હો રામ સીતાના સ્વામી જનક૦ ૧
શ્રીરામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન આંગણીયામાં ખેલે.
હો રામ સીતાના સ્વામી જનક૦ ૨
ઋષિ સંગાથે રામ લક્ષ્મણ ચાલ્યા,
યજ્ઞમાં થયા રખવાળ. હો રામ સીતાના સ્વામી જનક૦ ૩
ત્યાંથી શ્રીરામજી આગળ ચાલ્યા,
ગયા જનકપુર ધામ. હો રામ સીતાના સ્વામી જનક૦ ૪
જનક રાજાએ સ્વયંવર રચીયો,
આવ્યા સૌ દેશથી રાજવી. હો રામ સીતાના સ્વામી જનક૦ ૫
રાવણ સરખો રાજા હારીને બેઠો,
ધનુષ્ય ના કોઈથી ભાગે. હો રામ સીતાના સ્વામી જનક૦ ૬
જનક રાજા મુખથી બોલીયા,
જગમાં ક્ષત્રી નથી કોઇ. હો રામ સીતાના સ્વામી જનક૦ ૭
ઋષિના વચનથી શ્રીરામજી ઉઠીયા,
સીતાજીનો હર્ષ ન માય. હો રામ સીતાના સ્વામી જનક૦ ૮
ભરી સભામાં ધનુષ ભાગ્યું,
ટુકડા થયા બે ત્રણ. હો રામ સીતાના સ્વામી જનક૦ ૯
રાજા દશરથ જાન લઈને ત્યાં આવ્યા,
પરણાવ્યા ભાઈ ચારે. હો રામ સીતાના સ્વામી જનક૦ ૧૦

દાસ મગન કહે ગાય કોઈ ગરબો,
વૈકુંઠ તેનો વાસ. હો રામ સીતાના સ્વામી જનક૦ ૧૧

(૯) ગરબો ૩

(માતાના મંડપમાં–એ રાગ)

શંકરના મંદિર માંહ્ય ચાલોને સખી આજ જઇયે,
પારવતીનું પૂજન કરીશું, ગણેશ આપો વરદાન ચાલોને સખી. ૧
અબીલ ગુલાલ ને અક્ષતચંદન, ધૂપથી ભરીયે સુગંધ;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૨
કુમકુમ કેશર શ્રીફળ લઈને, આરતી કપૂરે ઉતારીયે;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૩
જાગેશ્વર શંકર માતા પારવતી, વ્રત ઉજવીયે આજરે;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૪
નગરી **રાંધેજા**ની પૂર્વ દિશાએ, શોભે શિવાલય રૂડું;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૫
સોનાનું શિખર ને ભગવી ધજાઓ, કરોને કલ્યાણ સૌનું;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૬
હરતાં ને ફરતાં રમતાં દેવળમાં, સુંદરીઓના સંગાથરે;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૭
દાસ મગનના ભોળા છો, સ્વામી ગુરૂશ્રીએ પધરાવ્યા;
ચાલોને સખી આજ જઇયે. શંકરના૦ ૮

(૧૦) (કીરતન)

કેમ રીસાણા કહોને કાના કેમ રીસાણા,
મોર પીછાંનો વહાલા મુગટ બનાવું,
જરીના જામા કહોને કાના કેમ રીસાણા. ૧
બંને હાથે બાજુબંધ પહેરાવું,
માંહી જડ્યા હીરા, કહોને કાના કેમ રીસાણા. ૨

માણેક મોતીનો હાર પહેરાવું,
ફૂલોના ગજરા, કહોને કાના કેમ રીસાણા. ૩
સાકર માખણના પેંડા બનાવું,
સામું જુઓ શાણા, કહોને કાના કેમ રીસાણા. ૪
વૈષ્નવ દાસ મગન ગાયે છે,
પ્રભુ ગુણો તારા કહોને કાના કેમ રીસાણા. ૫

(૧૧) (રાગ–ઝૂલ)

વધ્યું જગતમાં પાપનું પૂરરે, મેવલા શું વરસે,
કરે કન્યાના સૌ વિક્રયરે, મેવલા શું વરસે. ૧
ભરે પોતાની માટીથી પેટરે. મેવલા૦ ૨
મટી ગયાં કન્યાનાં દાનરે. મેવલા૦ ૩
ટળી ગયા યજ્ઞ અને દાનરે. મેવલા૦ ૪
નવ રહ્યા ભજન કે ભાવરે. મેવલા૦ ૫
ક્યાંથી તરશે મૂરખ તારૂં નાવરે. મેવલા૦ ૬
છોડી પ્રભુ કેરૂં નામ નિંદા આદરીરે. મેવલા૦ ૭
શાહુકારનાં મન થયાં ચોરરે. મેવલા૦ ૮
કળી કાળના આવ્યા છે કોપરે. મેવલા૦ ૯
દાસ મગન પ્રભુની બીક રાખરે. મેવલા૦ ૧૦

વેશ કાઢવાથી કલ્યાણ નથી

(અખાની વાણીમાંથી–છપ્પો)

જટા વધારે વડવૃક્ષ, પતંગ નિજ બાળે કાયા;
જળચર જળમાં નહાય, બગ પણ ધ્યાને ધાયા,
ગાડર મુડાવે શિશ, અજામુખ ડાઢી રાખે;
ગર્ધવ લોટે છાર, શુક મુખ રામજ ભાખે,
મોર તજે છે માનની, શ્વાન સકળનું ખાય છે;
કહે અખો સૌકોઈ સૂણો, સમજણ વિના વૈકુંઠ કોણ જાય છે (૧)

અખાની વાણી

જીવ અંગ

સ્થાવર જંગમ કેરી વાત, નિકટ દેખાડયું છે સાક્ષાત;
પંચ મહાભુત તે સ્થાવર જાણ, જંગમ ચૈતન એ વેદવાણ;
એક પિંડમાં વરતે બે, ઉગ્ર બુદ્ધે અખા જોઇ લે. ૧
સ્થાવર જંગમ કેરો ભેદ, બુધ્યમાને કહું માને વેદ;
અહાર જોતાં નાવે પાર, પંચભુત માંહી વિસ્તાર;
જંગમ પવન નીર ને તેજ, સ્થાવર આકાશ મહી એજ. ૨
પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આદ્યે કીટ ને અંડ;
પ્રાકમ વિષે અધકું નુન હોય, કારણ પ્રત્યે સમતા સોય;
અખા એ અનુભવ રદે રાખ, જેની ભાગવત ગીતા પૂરે સાખ. ૩
એમ જોતાં ભાસે નૈ ભિન્ન, માયા ચિત્રથી ઉતરે મન;
કારણ વેધી બુદ્ધજ રહે, કારજ કેરૂં ચિત્ત ન લહે;
ચિત્ત વિચિત્ર દષ્ટે શું ગયું, ત્યારે અખા ધામ મુળગું રયું. ૪
મૂળગે પદતો દ્વૈતજ નથી, સ્વપ્ન ઉપાધ્ય જાગ્રત નૈ રતી;
ઉત્તમ મધ્યમ કર્મકાંડ જોગ, નિદ્રાવાનને સઘળો ભોગ;
જાગતાને સ્વપ્નાના કૃત્ય, મૂલગી વૃત્યે અખા છે વૃત્ય. ૫
આપ થાતે વ્યાપે સત્ય થયો, વ્યાપ્યો આપોપુ ભૂલી ગયો;
ચતુર પુરૂષ જેમ શિથલ થયો, સ્વસ્વરૂપ તેને વિસરી ગયો;
અખા નિજ બુધ્યે અંગી કરે, શિથલપણું સમ્યક્ વિસ્તરે. ૬
ચિદ અર્ણવ કેરા બુદબુદા, ઉપજે ખપે સ્વભાવે સદા;
અસ્તિ નાસ્તિ એની ન કેવાય, નર છાયા જેમ સાથે થાય;
સૂરજ ધામ કેવાને બે, એમ જીવ શિવ અખા જોઈ લે. ૭
નવ દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાશ પ્રમાણ;
દષ્ટ પદારથ જુદો થાય, ઘાટ દષ્ટ હેમે ઠેરાય;
પ્રસર્યું આપ સચરાચર વિષે, એમ જોતાં પદ પામ્યું અખે. ૮

અણુ છતે છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ;
વાગ્વિલાસ તે સાચો થયો, જૂઠે સાચું ભૂલી ગયો;
માયા ઇચ્છા નારદને થઈ, ત્યારે પૂરવ બુદ્ધિ અખા ભૂલી ગઈ. ૯

અરૂપીનો પંચ આવાસ. પંથે પ્રસર્યો સર્વાવાસ;
ઈંદ્રજાળ અવિદ્યાની જાળ, દીસે સત્ય ને આળપંપાળ;
અણુ ચવિયું આપોપું લખો, એટલા ઉપર શું કહે અખો. ૧૦

સંત અંગ

દશરથ પેલો હતો જે રામ, નંદ વસુદેવ પેલું કૃષ્ણ નામ;
ચોવીસે તેમાંથી થાય, પણ તે કાંઈ આવે ન કે જાય;
અવિનાસી લેસે તે સંત, ત્યાં કારણ નૈ દર્શનને પંથ. ૧

દ્વૈતભાસી તે નોહે સંત, જેમ એ બાજુના હસ્તીદંત;
મનમાં આશા માયા તણી, કીરત બાર ચલાવે ઘણી;
બ્રહ્મ ભરોસે આવ્યો ભ્રમ, અખા સરોડે ઉગર્યો શ્રમ. ૨

અગમ પંથને જૈ નવ શકે, જૂઠું અન્ન શ્વાન જ ભખે;
પરાધીન રહે દેહવાન, બુધ્ય વોણાને નૈ ત્યાં સાન;
અખા અણ જાણ્યું રહ્યું આપ, જન્મ ધરે સાથે પુણ્ય પાપ. ૩

જો ભુંડા તું છે ચિદ અંશ, જોને વિચારી તારો વંશ;
તું રાજપુત્ર કાં દીનમાં ભળે, કાં વિચાર વોણો ઘર ઘર ફરે;
નિજપદ બેસ ટળી જા જંત, એમ અખા પદ પામ્યા સંત. ૪

પૃથ્વી અપ તેજ વાય આકાશ, એ જાણજો પોતે અવિનાશ;
હંસ ભખે કમળના તંત, તેમ આપ વિચાર કરે મહંત;
ફલણાં રહિત કોઈ નિર્ગંધ, નર આકારે અખા ગોવિંદ; ૫

નિર્દ્વંદ્વી અંતર્ગત મુદા, કૃપાવાન ધીરજવંત સદા;
રાગ વિરાગ નહીં તે વિષે, અહંકાર નિરહંકાર કો નવ લખે;
નિરાધાર અખો કે વીર, જગત તૃણવત સહીત શરીર. ૬

બ્રહ્મવેત્તા રહે તુર્યા પાર, તો બાહ્ય દૃષ્ટિ શો કરે નિરધાર;
ત્રણ અવસ્થા સૌને વિષે, તુર્યા ઉલંઘીને કોણુ લખે;
જેહ લખે તેવો તે થાય, જથારથ અખા રહીને જાય. ૭
બ્રહ્મવેત્તાને જીવ નવકળે, રાત દિવસ એકઠાં નવ મળે;
ત્યાં કળણુ નહીં અને જીવ અચેત, શિવ પદ બેઠાં સર્વ સંકેત;
ઉંચે આસન બેસે કોઈ, નીચી ભૂમિકા દેખે સોય. ૮
જગત્ દૃષ્ટિ તે ચર્મને વિષે, બોલનારાને કોય નવ લખે;
પાંચ તત્ત્વની ઓથે રહે, હાથોહાથ અખા બોલે લહે;
દરસ્યો હોય તે કેજ્યો હા, વિન દરસન મન વાયોવા. ૯
સુવર્ણી ગર સોનીને ભોગ, બીજા લોકને ન મળે જોગ;
તે સંસલાં જાણી મૂકી જાય, અનુભવી હોય તે કરે ઉપાય;
અનાયાસે થાય એક ભવી, રિધ પામે અખા અભનવી. ૧૦
અણુપામી રધ્યનું ઘર લહ્યું, ચિત્ર વિચિત્ર જેને વિષે રહ્યું;
શુદ્ધે બુદ્ધે વિચાર જ કર્યો, બીજો ઉપાય નથી ઉફરો;
ઉત્તમ મધ્યમ સ્વપ્નનાં કૃત્ય, જાગે અખા થાય સર્વે વ્યર્થ. ૧૧
દેહ સૌ એની દષ્ટે પડે, દેહી કોયન માટે ચડે;
ભાત પડે છે પોતજ વિષે; વચન ઘાટ ઘાલે પારખે;
કેવામાં પ્રીછે જે સાન, અખા અગમનું આતે માન. ૧૨
બીજે ઉપાયે હરિ નવ મળે, કોટિ જન્મ લગે આફળે;
કમળ ઉપર જળ ઝાકળ પડે, તેમ તેમ તે સૂકે કે સડે;
જેથી ઉપનો તેજ હજુર, બીજો ઉપાય અખા પડે દૂર. ૧૩
જેને તું જાણે આકાશ, તે તુંજ વિચારી જોને પાસ;
તે નોહે ખૂણે ખાંચરે, પ્રત્યક્ષ મુખે મુખ વાતો કરે;
સંકલ્પ ચઢ્યા ન દીસે દેહ, તેમ અખા રહ્યો છે તેહ. ૧૪
ભોગ કાજ ઉદ્યમ કાંકરે, તુજને ભોગ ખોળતો ફરે;
વણુ વાંછો આવે જેમ રોગ, એણે લેખે જાણે ભોગ;
કર્તાએ કીધું તુજ કાજ, નવ મુકે અખા મહારાજ. ૧૫

અખા કાં લેવાને ધસે, અવધ વોણ્યા તે કેમ આવશે;
કાળે દ્રુમવિણુ વાંછ્યાં ફળે, રતવિના ફળ શોધ્યાં નવ મળે;
જેમ મૂર્ખ સૂર્યને લેવા જાય, વાણે ઉદે આફણીયે થાય. ૧૬
એમ જાણી ધીરજ મન ધરે, અજગર વ્રત મહા પુરૂષ આદરે;
જો જાણે મધ્ય કિરતાર, ફોગટ હું થઈ કાં વહે ભાર;
ચક્ર ચુડામણ તારો તાત, ધીરજ ધરે અખા સાક્ષાત. ૧૭
આહાર આશાએ જીવ સૌ થાય, આશા એ દેવ ક્ષીર સાગર જાય;
અખા એ તપીયા દેહને દમે, આશાએ વ્રત તીર્થ સૌ ભમે;
રાયરંક આશાના દાસ, આશા અખા માયાનો પાશ. ૧૮
જ્યારે પદ બેઠે નૈરાશ, ત્યારે સ્વેજોત્ય હોય પ્રકાશ;
કૃતકૃત કહીયે મહાપુરૂષ, જેનો આશા પાશ ગયો અમરખ;
જેમ વાદળ ટળે નરાળો સૂર્ય, અખા પ્રકાશ તો આશા દૂર. ૧૯
જીવ શિવમાં અંતર કાંઈ નથી, જેમ રૂપું તરૂ કહાવે જળવતી;
જળે નાશે રૂપું સત તેમ, આશા ઘટે શિવ અવ્યક્ત જેમ;
સદ્ વિચારે આશા જાય, અનાયાસે અખા વસ્તુ થાય. ૨૦
સદ્ વિચાર વડે હરિ મળે, બીજે ઉપાયે કલેશ નવ ટળે;
જેમ જેમ તેનો કરે ઉપાય, તેમ જીવપણું જાડું થાય;
જ્યારે પદ બેસે નૈરાસ, ત્યારે સ્વે અખા સચરાચર વાસ. ૨૧

આત્મા અંગ

તન તીરથ તું આતમ દેવ, સદા સનાતન જાણે ભેવ;
અડસઠનું અધિ દૈવત સદા, તે જાણે ટળે કોટિ આપદા;
તિરથ માર્જન કીધું અખે, જન્મ મરણુ નૈ તેને વિષે. ૧
જમલો છે જોજે જગદીશ, તું પડછંદો ને તે ઈશ;
ઉલટ ભેદ પામે આરામ, જો તારૂં મુળગું નિજ ધામ;
અખા અક્ષર તું ક્ષરનોય, પ્રતીત તું ને જો તારી હોય. ૨
સુખું કેતાં ન માનો દુઃખ, વેતે જળે ન દીસે મુખ;

ઠેરાણે ભાસે જેવું યથા, વણ ઠેરાણે પામ્યો વ્યથા;
જ્ઞાન એક સઘળે પિંડ વસે, અખા કૃત્યની પૂજા હશે. ૩
અહં માયા બ. રૂપે કરી, આપો પે સૌએ આદરી;
કોઈ કહે દેખું પચ રંગ, કોઈ શેખ સાઈ દેખે સુચંગ;
કોને મુક્તાફળ દૃષ્ટ પડે, કોય કે મારે જોતિ જળ હળે.
મનના મત સર્વે આદર્યા, અખે પદ થા સઘળા ખર્યા. ૪
દીઠાને કાં વળગે ભૂર, અણદીઠું વેધે તે સૂર;
દૃષ્ટ પદારથ જૂઠો થશે, વૈકુંઠાદિ સર્વે જશે;
ધ્યાન ધરે દીસે જંજાળ, અખાનોય એ હરિની ભાળ. ૫
ધ્યાન દિસે તે જાગે જાય, ખોટાનો શો કરો ઉપાય;
ઇંદ્ર જાળની વિદ્યા કાં મોય, એ તો કર્તવ્ય છોકરાં જોય;
ભરમીશમાં એ દેખી ભાત, અખા કૃત્ય રહિત છે વાત. ૬
કર્તવ્ય સઘળું મનનું જાણ, મન ઉભેથી ટળે નહીં તાણ;
મને ઉભે ઉભો સંસાર, ફોકટ કેમ વહે છે ભાર;
અર્થ અખા તો થાયે ખરો, જો ઉપાય મન અમનનો કરો. ૭
કલ્પે જલ્પે કથ તે જ્ઞાન, વળી નવરો થૈને ધરશે ધ્યાન;
મર્કટ રાજ બેસાર્યું જેમ, ફળ દીઠે વળી હું તું તેમ;
અખા એમ નૈ રીઝે રામ, અંતરના સાક્ષીથી કામ. ૮
નિયમે ગાયો સમ્યક્ નવ લહ્યો, નવ આવ્યો ને નવ તે ગયો;
સદા સનાતન છે અવિકાર, છતે અહંકારે ન લહે પાર;
અખા વસ્તુ સરીખો થાય, તો હીરે હીરો વેધાય. ૯
વર્ણાશ્રમ શું વળગે અંધ, જાણે એ માયાનો ફંદ;
ક્ષેરે વળગ્યો કો નવ તર્યો, નિજ બળ આવ્યું તે ઉગર્યો.
હાડ ચર્મકો દેખે ભુર, અખા બ્રહ્મ રહ્યો ભરપુર. ૧૦
અણુ છતો બોલ સૌ કોને ચડયો, પણ કોણ કયાંથી અળગો પડયો;
પાંચ તણી સઘળી માંડણી, આપે બોલે માંહે ધણી;
આપોપાથી શુધ્યજ પડી, અખા દ્વૈતની કાળપ ચડી. ૧૧

પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંતે પડે સહુ વરે;
હું તે કોણ હરિ શી વસ્ત, જે જાણી અહું જૈ હસ્ત;
એમ જાણી જપે મળે ભગવાન, નૈ તો અખા વર વોણી જાન. ૧૨
સદ્વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવ શિવની લૈયે વ્યક્તિ;
જીવ શિવતણું લીધું હેત, તે પોતો જ્યાં વેદ કહે નેત;
એમ ભક્તિ આવે કણસડે, નૈ તો અખા જુગ જુગ રડવડે. ૧૩
એક મૂળમંત્ર સાંભળજો સત્ય, જેણે પદારથ લહીયે નિત્ય;
જીવતણું જે જીવજપણું, અને ઐશ્વર્ય જે ઇશ્વરતણું;
એ એના એ વિકાર જો તજે, તો શેષ ભાગ અખા નીપજે. ૧૪
જીવપણું વિચારે વળગે, સદ્ ગુરૂ વચને પડશે વગે;
રજ્જુ ભુજંગ જેમ દીપ વડે ટળે, વણવિચારે ભર્મજ ફળે;
ભર્મ કર્મનો વ્યસની થયો, ત્યારે અખા ઇશ્વર સાક્ષી રહ્યો. ૧૫
જીવ ટળવા સૌ જતનજ કરે, તેમ તેમ તે ઓળો વિસ્તરે;
જેમ મૂર્ખ ખસ ખણી નિગમે, તેમ તેમ તે ઘણું ઘણું દમે;
ઔષધ્યે કંડુ થાયે શાંત, તેમ સદ્વિચારે અખા જીવ શાંત. ૧૬
ભક્તિ જ્ઞાન કથે વૈરાગ, દેહ દર્શન તે ન કરે ત્યાગ;
ત્યાં લગે એકે નવ ફળે, શુધ શૂરો ઉપરથો બળે;
અંતર અગ્નિ ન લાગે કયમે, ફોગટ દંન અખા નિગમે. ૧૭
વિચારે ભક્તિ થાય વણુ કરી, જ્ઞાન કથ્યા વિણુ પામે હરિ;
વણુ ત્યાગે ફળે વૈરાગ, સદ્વિચાર જારે આવ્યો ભાગ;
હરિ જાણ્યા વિણુ જે જે કરે, તેને અખા ક્લેશ ઉગરે. ૧૮
તપ તીર્થ દાન વ્રત નેમ, ઘર બેઠો તે પામે એમ;
સદ્વિચાર થડ જેણે ગ્રહ્યું, તેને શાખા પત્ર બારૂં નવ રહ્યું;
સદ્વિચાર વિણુ કરે જે ઘણું, તે ધૂળ ઉપર અખા લીંપણું. ૧૯
રેણી વિના કેણી જે કથે, મહી વિના પાણી જે મથે;
જેમ કોયલ સૂરને પાળે કાગ, વસંત ઋતુએ ઉડી જાયે જાગ;
લક્ષ વિના કેણી જોઇ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાન લખે. ૨૦

જ્ઞાની છે હરિનું નિજ રૂપ, ચિન્હ વિના કેમ કૈયે ભૂપ;
રાજપુત્ર દળણું નવ દળે, કાળ માયા જેને દ્વારે રળે;
શેષ શંકરનું જીવન જ્ઞાન, એવી નિધ ખોઇ અખા વિણુસાન. ૨૧

કુબુદ્ધિ કુતર્કને જ્ઞાનજ કહે, વિષય દંભ ભક્તિ કરે ગ્રહે;
ક્રોધી ક્રોધને કહે વિરાગ, હંસ આસને બેસાર્યો કાગ;
ત્રણને નાવ્યો અખા હરિહાથ, જેમ રૂપા ભરોસે છીપની આથ. ૨૨

જ્ઞાન તણો મેમા અતિ ઘણો, તે જાણે જે વિરલો જણ્યો;
ધ્યેય ધ્યાતા તેણે પદ નથી, નિરાલંબ પદ એટલા વતી;
કથા ભણ્યાનું નૈ ત્યાં કામ, જો પ્રીછે અખા નિજ ધામ. ૨૩

ઉઠ હાથ તરૂ ચંદન તણો, ઉગે વણવાયો હોય નૈ ઘણો;
બ્રહ્મવેત્તાનું એ દ્રષ્ટાંત, કૃત્ય રહીત જો હોય મહાન્ત;
એકે ચિન્હ ન હોય તે વિષે, તે સરખો અખા તેને લખે. ૨૪

છાયા તરૂ એ તરૂ નવ ફરે, તેમ બ્રહ્મવેત્તા કાંઇયે નવ કરે;
કૃત્ય એક નોહે તે વિષે, અચિંત તરૂ કેરાં ફળ ભખે;
નિજપદ બેઠારે તે વિર, નિત્યાનંદ અખા છે ધીર. ૨૫

જેમ કલ્પદ્રુમથી રિધ નીપજે, પોતે કાંઇ ભજે નવ તજે;
સામાનો સંકલ્પજ ફળે, પોતાનો અનુભવ નવ ચળે;
વિદેહી તણી હોય એવી રીત, ગ્રહે અખા જો ઇછે જીત. ૨૬

બ્રહ્મ રસ જેને ઘર ઠરે, તે ત્રિલોકની સ્થિતી નવ કરે;
નંવ દીસે તેને પદ રહે, દીસે તેને જાણી ખહે;
થાતાં પેલો જેવો હતો, તે એવો અખા છે છતો. ૨૭

ધ્યાતા ને ધ્યેય જો બે રહે, તો કૃત્ય ન ખુટે ન ટળેબે;
ધ્યાતા ધ્યેયમય જ્યારે થાય, તો દ્વૈત ઉપાધ્ય સર્વે રહી જાય;
કથે રહે સ્વરૂપજ વિષે, તેને જ્ઞાનવંત અખા વેદ લખે. ૨૮

ભજન

દુર્લભ મનુષ્યાદેહનો લહાવો લીજીયે,
હરિ ભજીયે તો આવે સુખની લહેર જો;
દીસંતી માયા તો મિથ્યા કારમી,
વહેતા પૂરે આયુષતો વહી જાય જો. દુર્લભ૦ ૧
મનુષ દેહનું આયુષ તો દુર્લભ દેવને,
એક ઘડી તો લાખ કરોડની જાયજો;
શિરના સાટે તો માગી નહિં મળે,
જ્યાંનું જ્યાં ને ત્યાંનું ત્યાં સમાયજો. દુર્લભ૦ ૨
ક્યાં થકી આવ્યો ને તારે ક્યાં જવું,
મૂળ વિચારી જોને મળશે તારૂં ઠામજો;
જૂઠા જગત્ સાથે ઝગડો નવ કીજિયે,
અંતે બેલી સાચાના ભગવાનજો. દુલભ૦ ૩
ભાવના ભુખ્યારે ભુધર આવશે,
જેમ લોભી કાંઇ ધન દેખી લલચાયજો;
લલચાયો લક્ષ્મીવર પ્રેમના પાશમાં,
રાસ રચ્યો છે રંગ મંડપ મોઝારજો. દુર્લભ૦ ૪
વ્રજવાસી ગોપીઓએ લ્હાવો લૂંટીયો,
મૂકી દીધાં જેણે માતાપિતા કુળ લાજજો;
સાચુંરે સગપણ છે શામળીયા તણું,
ત્યારે સરીયાં તે વનિતાનાં કાજજો. દુર્લભ૦ ૫
તન મન ધન જોબનનો રંગ પતંગનો,
રૂડો દીસે પણ જોતામાં ઉડી જાયજો;
અંતરમાં આત્મારામ લેજો ઓળખી,
કહે પ્રીતમ તેનું આવાગમન મટી જાયજો. દુર્લભ૦ ૬

શ્રીરામ

ॐ नमोऽन्तर्यामिने ॥

શ્રીરામની સ્તુતિ

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવભય દારૂણમ્ ।
નવકંજ લોચન કંજ મુખકર કંજપદ કંજારૂણમ્ ॥૧॥

કંદર્પ અગણિત અમિત છબી નવનીલનીરદ સુંદરમ્ ।
પટપીત માનહુ તડિત રૂચિસુચિ નૌમી જનક સુતાવરમ્ ॥૨॥

શિર મુકુટ કુંડલ તિલકચારૂ ઉદાર અંગ વિભૂષણમ્ ।
આજાનુ ભુજશર ચાપધર સંગ્રામજિત ખર દૂષણમ્ ॥૩॥

ભજદીનબંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનમ્ ।
રઘુનંદ આનંદ કંદ કૌશલચંદ્ર દશરથ નંદનમ્ ॥૪॥

ઇતિવદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્ ।
મમ હૃદય કંજ નિવાસ કરૂ કામાદિ ખલદલ ગંજનમ્ ॥૫॥